# સુવિચાર

Year-55 Vol. No. 01 APRIL-2024 Total Page : 36 Retail Price :15/- Annual Subscriptions Rs. 200-00



સદ્‌વિચાર પરિવાર
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,
જોધપુર ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

## શું તમારા કુટુંબમાં પથારીવશ વડીલ છે ?

સંસ્થાની નરોડા ખાતે જી.આઈ.ડી.સી.માં આવેલી હોસ્પિટલમાં શાંતિલાલ સેજપાલ વડીલ માવજત કેન્દ્ર દ્વારા પથારીવશ વડીલની સુશ્રૂષા માટે ૨૨ બેડનું આધુનિક સિનીયર સિટીઝન કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ સેવા માટે દર્દીને ઘરેથી લેવા માટે એમ્બ્યુલન્સ સુવિધા પણ ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.  આપની માહિતી વોટ્સેપ કરો

શ્રી રાજેન્દ્ર રાજપૂત : ૮૩૨૦૭૮૯૪૩૯  ૧) ૯૯૦૪૧૦૪૪૭૦  ૨) ૮૩૨૦૭૮૯૪૩૯

શ્રી નયન ચુડાસમા : ૯૯૦૪૧૦૪૪૭૦  ૩) ૯૪૨૬૫૪૪૬૨૨  ૪) ૭૮૬૩૦૯૯૪૨૪

## સદ્‌વિચાર પરિવાર બાળ-આરોગ્ય અને કૂપોષણ પિડીયાટ્રિક ક્લિનિક

જન્મથી ૧૮ વર્ષ સુધીના બધા જ બાળકોની આરોગ્ય તપાસ, નિદાન અને સલાહ વરિષ્ઠ નિષ્ણાતો દ્વારા આપવામાં આવશે. બાળપોષણને લગતી સવિશેષ સેવાઓ જેવી કે સ્તનપાન સલાહ, બાળકોનો સમતોલ આહાર અને પૂરક આહાર તેમજ કૂપોષણને લગતી સમસ્યાઓ.

સમય : દર શુક્રવારે બપોરે ૩ થી ૫ સુધી

આ  ક્લિનિકમાં સિનીયર પિડીયાટ્રિશન ડો. વર્ષાબહેન શાહ અને

ડો. પ્રિતીબહેન હેમાણી તેમની માનદ્ સેવાઓ આપશે.

એપોઈન્ટમેન્ટથી મળશે. સંપર્ક : મો. નં. Mo. No. ૯૦૧૬૬૭૪૫૪૬

# સદ્‌વિચાર પરિવાર

## સદ્‌વિચાર પરિવાર મલ્ટીપર્પસ કમ્યુનિટી હોલ

ટેલીફોન એક્સચેન્જ પાસે, લાઈનોમેટીક-૨ની સામે, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦ ફોન : ૦૭૯-૨૨૮૧૧૪૭૬/૭૮૬૩૦૯૯૪૨૪

- દરેક સામાજિક પ્રસંગ માટે નજીવા દરે ઉપલબ્ધ
- સાત્વિક ભોજનની રાહત દરે વ્યવસ્થા
- શાસ્ત્રોક્તવિધિથી લગ્ન માત્ર રૂા. ૯,૦૦૦માં
- ઘરે ટિફીન મોકલવાની સુવિધા

## સદ્‌વિચાર પરિવાર હોસ્પિટલની અન્ય સુવિધા

- આંખ
- ઈ.એન.ટી.
- ફિઝીયોથેરાપી
- આરોગ્ય સહાયક તાલીમ કેન્દ્ર
- ડેન્ટલ
- લેબોરેટરી
- જનરલ ઓ.પી.ડી.
- સિનીયર સિટીઝન રિહેબિલીટેશન સેન્ટર

ટૂંક સમયમાં રિડીંગ લાયબ્રેરી શરૂ થાય છે.

લગ્નવિધી માટે સંપર્ક : કાર્તિકભાઈ નિર્મલ મો.નં. ૯૮૨૪૫૪૫૮૯૦
સંસ્થાના અન્ય કામ માટે સંપર્ક : નયન ચુડાસમા મો.નં. ૯૯૦૪૧૪૪૭૦, રાકેશ પંચાલ મો.નં. ૯૭૩૭૪૧૨૭૬૧ વોટ્સઅપ પર માહિતી મેળવો.

# સુવિચાર

માનવતાનો મહિમા ગાતું સદ્વિચાર પરિવારનું સામયિક

આદ્યતંત્રી :

સદ્ગત હરિલાલ વિ. પંચાલ 'નિમિત્તમાત્ર'

તંત્રી :

પ્રવીણ ક. લહેરી

**વર્ષ : 55 ⌘ અંક : 01 ⌘ સળંગ અંક : 707 ⌘ એપ્રિલ-2024**

**Web Site** : www.sadvicharparivar.org ⌘ **E-mail** : sdparivar.org@gmail.com

**ટ્રસ્ટી મંડળ**

**ડો. પંકજ એમ. શાહ (પદ્મશ્રી)**
પ્રમુખ
**પીયૂષ ઓ. દેસાઈ**
ઉપપ્રમુખ
**પ્રવીણ ક. લહેરી**
મેનેજિંગ ટ્રસ્ટી
**શૈલેષ આઈ. પટવારી**
સહમંત્રી
**જિતેન્દ્ર બી. પંચાલ**
કોષાધ્યક્ષ
**કે. આર. સિંગ**
ટ્રસ્ટી
**વિનોદ એ. શાહ**
ટ્રસ્ટી
**નીના મધુસૂદન શાહ**
ટ્રસ્ટી

લેખકોના મત સાથે સંસ્થા સહમત છે તેમ માની લેવું નહીં.

## અનુક્રમણિકા


| ક્રમ. | લેખનું શીર્ષક | લેખક | પાનું |
|---|---|---|---|
| 1. | મૂંગા જીવોની સેવા માટે જોઈએ કરુણાસભર-હૃદય જ્યાંથી સેવાની સરવાણી સતત વહેતી-હોય... | ડૉ. ભરત ભગત | 5 |
| 2. | જો કોલિન્સની જીવનકથા-૧ | ડૉ. કુમારપાળ દેસાઈ (પદ્મશ્રી) | 7 |
| 3. | ખોરાક ભરવા માટે વપરાતા પ્લાસ્ટિકના-ડબ્બાઓના ભયસ્થાનો | ડૉ. જાનકી પરીખ | 10 |
| 4. | સમુદ્ર મંથન | ડૉ. વિદ્યુત જોષી | 12 |
| 5. | અધૂરા તોય મધુરા | ધારા સંઘવી - સોમૈયા | 15 |
| 6. | સદ્વિચાર પરિવારની પ્રવૃત્તિઓ માટે સહયોગ અપીલ | - | 17 |
| 7. | પરિવર્તનના પ્રહરીઓ | પ્રવીણ ક. લહેરી | 21 |
| 8. | જગન્નાથપૂરીથી સહયોગ | ઇંદિરા સોની | 24 |
| 9. | શિક્ષણ ક્ષેત્રની સમસ્યાઓ | મંદા પરીખ | 26 |
| 10. | આપણે વિચારીશું ખરા ? | વિનોદ શાહ | 28 |
| 11. | સદ્વિચાર પરિવારને ફેબ્રુઆરી માસમાં - પ્રાપ્ત દાનની વિગત | - | 30 |

# નિવેદન

આજના યુગમાં આપણે સૌ સતત બદલાતા હવામાન અંગે ચિંતિત હોઈએ છીએ. સામાન્ય ઠંડી સાથે શિયાળો પસાર થઈ ગયો. વસંત અને પાનખરની ઋતુઓ પણ વિતી ગઈ. હવે ગ્રીષ્મના ધોમધખતા તાપ માટે તૈયારી કરવાની છે. અનેક લોકો પશુ-પંખી જેવા અબોલ જીવ માટે અનાજ અને પાણીની વ્યવસ્થા માટે અપીલ કરે છે. સદ્‌વિચાર પરિવાર સુવિચારના સૌ વાચકોને નમ્રપણે વિનંતી કરે છે કે મૂંગા પશુ-પંખીઓને ગરમીની વિપરીત અસરથી બચાવવા માટે થઈ શકે તે જરૂર કરવું જોઈએ.

સદ્‌વિચાર પરિવાર માટે ૨૦૨૩-૨૪નું નાણાંકીય વર્ષ અનેક રીતે મહત્ત્વપૂર્ણ નિવડ્યું છે. સેવા-સદનનું બાંધકામ અંતિમ તબક્કે પહોંચ્યું અને લગભગ આ બાર કરોડના પ્રોજેક્ટને ઈશ્વરકૃપાથી સારી રીતે પૂર્ણતાને આરે લાવી શકાયો તે માટે અનેક દાતાઓ અને શુભેચ્છકોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ ઉપરાંત મહિલા ઉત્કર્ષ સમિતિ હસ્તકની મહિલા ઉત્કર્ષની તાલીમ માટે શ્રીમતી બીના મનોજ શાહ વિમેન એમ્પાવરમેન્ટ સેન્ટરના મકાન અંગેની કાર્યવાહીનો પણ શુભારંભ થયો છે. ક્રેસ્ટા ડેલ્ટા સીસ્ટમ પ્રા.લી. દ્વારા કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સિબિલીટી (CSR) હેઠળ ખૂબ સારી રકમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેનાથી સદ્‌વિચાર પરિવારની મહિલા ઉત્કર્ષ અને કૌશલ્ય નિર્માણની પ્રવૃત્તિને આગામી દિવસોમાં ખૂબ વેગ મળશે તે નિશ્ચિત છે.

સદ્‌વિચાર પરિવારનું ૨૦૧૫ થી રદ થયેલું ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળનું મંજૂરીનું લાયસન્સ પુનઃ પ્રાપ્ત થતાં સદ્‌વિચાર પરિવારના વિદેશી નાગરિકતા ધરાવતા દાતાઓનો સક્રિય સહયોગ મળવો ચાલુ થયો છે. સૌ વિદેશી નાગરિક દાતાઓનો આભાર.

આ ઉપરાંત શ્રીમતી કલ્પનાબેન દ્વારા સદ્‌વિચાર પરિવારમાં મેરેજ બ્યૂરોની (પરિણય)ની શરુઆત પણ સારી રીતે થઈ છે. સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓ અને જરૂરિયાતો અંગે આ અંકમાં અલાયદી વિગતો આપવામાં આવી છે.

સદ્‌વિચાર પરિવારના ઉંવારસદ સંકુલમાં પણ શ્રી શ્રીમતી (સ્વ.) નિલાબહેન વિનોદભાઈ ચિનાઈ કમ્યુનિટી હૉલ અને શ્રીમતી સવિતાબેન હસમુખલાલ શાહ દ્વારા અપાયેલ દાનના કારણે મલ્ટીપર્ઝસ હોલ, કૌશલ્ય નિર્માણ કેન્દ્રના નવા બાંધકામો તેમજ ડાઈનિંગ હૉલ અને કિચનના આધુનિકરણની કામગીરી સારી રીતે સંપન્ન થઈ છે. સોલર પેનલ માટે પણ મુંબઈના દાતા શ્રી નીતિનભાઈ મહેતા દ્વારા નોંધપાત્ર રકમ દાનમાં આપવામાં આવી છે.

હરગોવનદાસ પ્રભુદાસ પટેલ સદ્‌વિચાર પરિવાર હૉસ્પિટલમાં પણ ઓછા ખર્ચે લગ્ન માટે અને સામાજિક પ્રસંગો માટે સુસજ્જ હૉલની કામગીરી પૂર્ણ થઈ છે. કૌશલ્ય નિર્માણ માટે હાલના મકાનમાં જરૂરી ફેરફારો કરવાની ભૂગર્ભ જળને રિચાર્જ કરવાની કામગીરી પણ આગળ વધી રહી છે. શ્રી અનુજ અમીત અંબાલાલ દ્વારા લેન્ડ સ્કેપીંગ માટે પણ દાન પ્રાપ્ત થયું છે અને દાતા પોતે જ તેના આયોજન અને અમલમાં નોંધપાત્ર સહયોગ આપી રહ્યા છે.

સદ્‌વિચાર પરિવારના શુભેચ્છકો અને સુવિચારના વાચકોના નવી નવી સેવાકીય પ્રવૃત્તિઓ માટેના સૂચનો આવકાર્ય છે. ગત નાણાંકીય વર્ષમાં જે કામગીરી થઈ છે તેમાં મહિલા ઉત્કર્ષ સમિતિના બહેનો, દાતાઓ, પ્રોફેશનલ સેવા આપતા તજજ્ઞો અને સદ્‌વિચાર પરિવારના સૌ સ્ટાફના સભ્યોએ જે ખંતથી કામ કર્યું છે તેના કારણે જ આ સિદ્ધિઓ હાંસલ થઈ શકી છે. આ સૌ આપ્તજનોનો આભાર માનવા માટે અમારી પાસે શબ્દો નથી. આગામી વર્ષોમાં પણ સૌના સહયોગથી સદ્‌વિચાર પરિવારની સેવાનો લાભ વધારે ને વધારે જરૂરિયાતમંદ લોકોને પહોંચાડી શકાશે.

ગત વર્ષમાં સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રુપે ખૂબ નોંધપાત્ર કામગીરી કરી છે. સભ્ય સંખ્યાનો આંકડો ૩૦૦ (ત્રણસો)ને વટાવી ગયો છે. નિયમીત કાર્યક્રમો અને ઉત્સવો યોજીને સિનીયર સિટીઝને સૌને પ્રેરણા આપે તેવો ઉત્સાહ અને ઉમંગ દર્શાવ્યા છે. શ્રી સિદ્ધાર્થભાઈ મણકીવાળાના માર્ગદર્શનમાં શ્રી બીનાબહેન ગર્ગ અને શ્રી નરેશભાઈ રાવળ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

**- સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

# મૂંગા જીવોની સેવા માટે જોઈએ કરુણાસભર હૃદય જ્યાંથી સેવાની સરવાણી સતત વહેતી હોય

ડૉ. ભરત ભગત

"આપણા કાર્યમાં, સત્યનિષ્ઠા હોય, નિઃસ્વાર્થ ભાવે કામ કરવાની વૃત્તિ હોય અને સખત પરિશ્રમ કરવાની તૈયારી હોય તો કોઈને કોઈ સહાયક આપણને મળી જ આવે છે. ૨૦૦૫ થી આજ સુધી કોઈની પાસે પૈસા માગ્યા નથી છતાં પૈસાના અભાવે અમે અટક્યાં નથી. અમારી જરૂરિયાત જેટલું દાન મળી આવે છે એટલે અમારા અનુભવમાંથી પ્રગટેલી આ શ્રદ્ધા છે." "આત્મવિશ્વાસથી છલકાતા મિતલભાઈ ખેતાણીના શબ્દો મારા શરીરમાં રોમાંચ ઊભો કરી ગયા. અબોલ-પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સારવાર માટેનું ખૂબ મોટું કાર્ય કરતી સંસ્થા 'શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના પ્રમુખ મિતલભાઈ અને એમના સાથીઓ જીવદયાનું બેનમૂન કાર્ય કરી રહ્યાં છે. દર મહિને ૯૦૦૦ જેટલા બિનવારસી અબોલ જીવોને સ્થળ ઉપર કે ટ્રસ્ટની હોસ્પિટલમાં સારવાર આપે છે. કામ વિકટ છે, પ્રશ્નો અનેક છે પણ આ મિત્રોનો દૃઢ સંકલ્પ અને થાક્યા વિના કામ કરવાની ક્ષમતા અપાર છે. મિતલભાઈ ને સાંભળીએઃ-

"માણસ માંદો પડે અને કોઈ ડૉકટર એની સારવાર માટે જાય ત્યારે એને ખબર છે કે આ વ્યક્તિ મને સારો કરવા આવી છે, પરંતુ અમે જ્યારે કોઈ પ્રાણી પાસે જઈએ ત્યારે એને ખબર નથી કે અમે એની મદદે આવ્યા છીએ. એને વેદના હોય અને અમને જોઈ ડર લાગે એટલે એ વીફરે. અમને ભીગ મારે, બરાડા પાડે કે બચકાં ભરે જેથી અમારું કામ અઘરું બને. સારવાર કરતાં પહેલાં અમારે એને પકડીને બાંધવા પડે. શેરીના કૂતરાઓને સારવાર આપણને પહેલાં ઘણીવાર એ કૂતરાં ડૉકટરોને કરડે એટલે વારંવાર ડૉકટરોએ હડકવાના ઈન્જેક્શન લેવા પડે છે. જો કે આ બધા પ્રશ્નો અમને અમારા ધ્યેયથી ચલિત કરી શકતાં નથી કારણકે અમને મળેલા પરિણામો અને લોકોનો સાથ અમારો ઉત્સાહ વધારતા રહે છે."

મારી ઉત્કંઠાને સમાવવા મિતલભાઈ કહે છે : "૨૦૦૫ની જન્માષ્ટમીના દિવસે અમે એક બળદને દુઃખથી પીડાતો અને મૃત્યુ પામતો જોયો. એના ઘાંઘરવાના અવાજોથી મારું મન કાંપી ઊઠ્યું. કંઈ ન કરી શકાયાની લાચારીએ મનોમન વેદના અનુભવી. આમાંથી વિચાર આવ્યો કે આવા તો હજારો જાનવરો સારવારના અભાવે પીડાતા હશે કે અકાળે મૃત્યુ પામતાં હશે. મિત્રો પ્રતિકભાઈ સંઘાણી અને રમેશભાઈ ઠક્કર સાથે મળી નાના પાયે આવા જાનવરોની સારવારની શરૂઆત કરી. અમને ખબર પડે કે તરત સ્કૂટર ઉપર સાધનો અને તબીબને લઈ પહોંચી જતાં પરંતુ આ કાર્યને વ્યવસ્થિત સ્વરૂપ આપવા ૨૦૦૫ માં જ ટ્રસ્ટ બનાવ્યું. શરૂઆત નાની હતી પણ આજે ભારતમાં પશુ-પક્ષીઓને નિઃશુલ્ક સારવાર આપતું સૌથી મોટું નેટવર્ક અમારું છે, જેને સરકારે વિશિષ્ઠ એવોર્ડથી સન્માનિત કર્યું છે. એક એમ્બ્યુલન્સ શરૂ થયેલી અમારી સેવા આજે ૧૦ એમ્બ્યુલન્સથી અને બે બાઈક એમ્બ્યુલન્સ સુધી વિસ્તરી છે. હેલ્પ લાઈન ૯૮૯૮૦૧૯૦૫૯ ઉપરથી અબોલ જીવો માટે અમારી સેવા ચોવીસ કલાક મળે છે. માહિતી મળતાં જ અમારી મોબાઈલ એમ્બ્યુલન્સ રસ્તા ઉપરના ત્યજાયેલા કે બિનવારસી જાનવરોની સારવાર માટે પહોંચી જાય છે. જેમાં રસ્તા ઉપર જ ઓપરેશન-સારવાર કરાય એવી સુવિધાઓ સાથે નિષ્ણાતોની ટીમ હોય છે. રક્ત વહેતું હોય તો રસ્તા ઉપર જે ટાંકા લેવા, માંદગીનું નિદાન કરી ઈન્જેક્શન આપવા જવા કામ સ્થળ ઉપર જ થઈ જાય છે. ફ્રેક્ચર થયું હોય તો એને સપોર્ટ આપી હૉસ્પિટલમાં લઈ આવવામાં આવે છે."

આ ટ્રસ્ટ બે રીતે કામ કરે છે જેમાં એક છે સ્થળ ઉપર સારવાર આપવાની અને બીજી છે સંસ્થાની બે હૉસ્પિટલમાં ઑપરેશન થિયેટર, શેડ, પિંજરા, ઓ.પી.ડી. રૂમ અને સ્ટાફ ક્વાર્ટર ઉપલબ્ધ છે. ત્રણ વેટરનરી ડૉક્ટર્સ, પાંચ લાઈવ્સ ઑફ ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફ સાથે ૬૦ વ્યક્તિઓ કામ કરે છે. ઉંદરથી લઈ ઊંટ સુધીના બધા જ જાનવરો અને બધી જ જાતના પક્ષીઓને અહીં સેવા સારવાર મળે છે. રોજના ૨૦૦ થી વધુ કોલ એમ્બ્યુલન્સ માટે આવે છે. જેમાં ૧૦૦ જેટલા ઓ.પી. ડી. માં સારવાર લે અને ૧૦૦ જેટલાં રોડ ઉપર સારવાર પામે છે. સંસ્થા એટલી પ્રખ્યાત થઈ છે કે ક્યાંય કોઈ -પશુ પંખી માંદુ કે ઘવાયેલું દેખાય તો અજાણ્યા માણસો પણ ખબર આપી અબોલ જીવોને સારવાર અપાવવા સહાયક થાય છે. સૌરાષ્ટ્રભરની ગૌશાળાઓમાંથી માંદી પડેલી ગાયોને અહીં મોકલવામાં આવે છે અને જરૂર પડે તો આવા જાનવરને લાવવાનો ખર્ચ પણ આ ટ્રસ્ટ આપે છે.

આ જીવોની માંદગીનું વહેલું નિદાન કરી સારવાર કરવાનું કામ બહુ અઘરું છે કારણ કે તે બોલી ના શકે, ફરિયાદ ના કરી શકે એટલે એની બીમારીની ક્યાંય સુધી ખબર જ ના પડે. જયાં સુધી ગંભીર ચિહ્નો ના દેખાય ત્યાં સુધી નિદાન કે સારવાર થાય નહીં. ઘણીવાર તો ખબર પડે ત્યારે એની હાલત ખૂબ ગંભીર થઈ જાય. આવા જાનવરોને રોડ રસ્તા ઉપર જ સારવાર આપી બચાવવામાં આવે છે. આ સંસ્થામાં પશુ-પંખીઓની બધી જ બીમારીઓની સારવાર માટે સુવિધાઓ છે. ફ્રેક્ચર થયેલાં પશુઓને પ્લાસ્ટર કે નેઈલીંગનું ઓપરેશન થાય છે, કપાયેલા પગ વાળા ગાય કે બળદને કૃત્રિમ પગ લગાવાય છે, કપાયેલી પાંખવાળા પક્ષીઓની પાંખ સાંધવાનું કામ કે તેમાં ઈમ્પ્લાન્ટ મૂકવાની સર્જરી અહીં થાય છે. દાતાઓના સહયોગથી વર્ષે , કરોડનો ખર્ચ આ સંસ્થા કરી રહી છે જેના કારણે આજ સુધીમાં લાખ્ખો જીવોને નવજીવન મળ્યું છે.

મિતલભાઈ કહે છે : '' આ સિવાય અમારું અગત્યનું કામ છે સરકાર પાસે રજૂઆતો કરી કાયદાઓમાં પરિવર્તન કરાવી જાનવરો પ્રત્યેની ક્રૂરતા અટકાવવી, શાકાહારી ભોજન માટે પ્રચાર પ્રસાર કરવો, અહિંસા માટે જાગૃતિ લાવવી, પર્યુષણ દરમિયાન આખા દેશમાં કતલખાના બંધ રખાવવા, અન્ય શહેરોમાં અમારા જેવી હેલ્પ લાઈન શરૂ કરવામાં પ્રેરક અને સહાયક થવું, ગૌશાળાઓને મદદ કરવી, વેટરનરી ડૉક્ટર થતા વિદ્યાર્થીઓને વીડીયો કોન્ફરન્સ થકી વ્યવહારિક શિક્ષણ આપવું. આ કાર્યો પાછળ ખૂબ સમય, શક્તિ અને નાણાં ખર્ચ કરવાનો થાય છે, પરંતુ જે પરિણામો મળી શક્યા છે તે અમારા ઉત્સાહને વધારતા જ રહે છે. અમારા સતત પ્રયત્નોથી ગુજરાત સરકારે ૪૦૦ જેટલી એમ્બ્યુલન્સ જાનવરોની સારવાર માટે ફરતી કરી છે જે અમારા માટે સૌથી મોટી સિદ્ધિ છે.''

આ ટ્રસ્ટની સફળતાની એક ઘટના જોવા જેવી છે. એકવાર હરિયાણાથી ફોન આવે છે અને એમાં વિનંતી હતી કે ફલાણી જગ્યાએ એક જાનવર ઘવાયેલું પડ્યું છે. તમે કોઈ મદદ કરી શકશો ? અમારું કેન્દ્ર રાજકોટમાં અને જરૂર હતી હરિયાણામાં, પણ સંસ્થાના કાર્યકરે વધુ માહિતી લઈને થોડો સમય માંગ્યો. એ વિસ્તારની આસપાસના વેટરનરી ડૉક્ટરને શોધી જાનવરોની સારવારની વ્યવસ્થા ગોઠવી. ડૉક્ટરની ફી રૂપિયા ૧૦૦૦/- હતી જે માટે આ ટ્રસ્ટે જવાબદારી લીધી. ડૉક્ટરે સૂચિત સ્થળે જઈ રીબાતા પશુને સારવાર આપી પણ જ્યારે એને અમારા ટ્રસ્ટના ઉમદા કાર્યને જાણ્યું ત્યારે ફી લેવાની મનાઈ કરી દીધી.

જ્યાં આભારનો શબ્દ કે પ્રતિષ્ઠા મળવાની ના હોય એવું કાર્ય એ જ કરી શકે જેના હૃદયમાં કરુણા હોય અને સેવાની સરવાણી સતત વહેતી હોય. ઘસાઈને ઉજળા થનાર આવા માનવીઓ આજે પણ આપણને મળે છે એ આપણા સમાજનું કેટલું મોટું સદ્ભાગ્ય છે !

❋ ❋ ❋

ચૅરમેનશ્રી, હૅલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન, રજવાડું હૉટલ પાસે, જીવરાજપાર્ક, અમદાવાદ.

# જો કોલિન્સની જીવનકથા-૧

ડૉ. કુમારપાળ દેસાઈ

"બેટા, આ વિશાળ દુનિયા તો અઢળક અનુભવોનો ભંડાર છે. વારસામાં પ્રાપ્ત સંપત્તિ અને મોકળાશભરી સ્વતંત્રતા દ્વારા તું સમગ્ર દુનિયાનો અનુભવ મેળવજે અને દુઃખીઓનાં દુઃખ દૂર કરજે."

જૉ કોલિન્સના માતા-પિતા એ વાતથી પૂરાં વાકેફ હતાં કે તેઓ એમના પુત્રને ઊછળતી યુવાનીમાં માર્ગદર્શન આપવા માટે જીવંત નહીં રહે અને વારસામાં મળેલી સંપત્તિને વ્યર્થ રીતે વેડફી નાખે નહીં, તે માટે એમણે પુત્રને આ સલાહ આપી હતી.

જૉ કોલિન્સના પિતા ૭૪ વર્ષના અને એની માતા ૪૩ વર્ષની હતી, ત્યારે શિશુ જૉ કોલિન્સની પધરામણી થઈ હતી. એમણે જો કોલિન્સને માટે સારી એવી સંપત્તિ એકત્રિત કરી હતી, જેથી એમની હયાતી ન હોય તો પણ જૉ કોલિન્સનો અભ્યાસ નિરવરોધ ચાલે અને એના જીવનની સઘળી જરૂરિયાતો સારી રીતે જળવાઈ રહે.

જૉ કોલિન્સ તેર વર્ષનો થયો, ત્યારે એના ૮૭ વર્ષના પિતાનું સ્વર્ગગમન થયું અને પછીને જ વર્ષે જૉ કોલિન્સની માતા પણ અવસાન પામી.

૧૪ વર્ષના જૉ કોલિન્સને એના માતા- પિતાએ ભવિષ્યમાં આવનારા પડકારોનો સામનો કરવાની કલા શીખવી હતી અને તેના ભાગ રૂપે એના પિતાએ સ્કૂલે જતા કોલિન્સને શૅરબજાર, જામીનગીરી અને બચતના યોગ્ય રોકાણની કળા શીખવી હતી. એમણે એવી ગોઠવણ કરી હતી કે પુત્રને સમયે સમયે નાણાં મળતાં રહે અને એ એકવીસ વર્ષનો થાય, ત્યારે રોકેલી મૂડીના વ્યાજની રકમ પણ મળવા લાગે. ઘરકામ માટે નોકર રાખીને જૉ કોલિન્સ પોતાની કુમળી કિશોરાવસ્થામાં પિતાએ આપેલી સાવચેતીની શિખામણ ધ્યાનમાં રાખીને જીવન પસાર કરવા લાગ્યો.

ચિત્તમાં વારંવાર પિતાનાં વચનોનું સ્મરણ થતું અને એ વિચારતો હતો કે પિતાની ઈચ્છા મુજબ જુદા જુદા દેશોનો પ્રવાસ ખેડવો છે અને દુઃખીઓની વેદના હળવી કરવામાં સહભાગી બનવું છે.

આ વિષે ઊંડો વિચાર કરતાં આ યુવાનને લાગ્યું કે, ખરેખરા દુઃખી શોધવા હોય તો તે સમૃદ્ધ એવા અમેરિકામાં નહીં મળે. અઢળક આર્થિક સમૃદ્ધિને કારણે દુઃખીજનો ક્યાં જડવાના છે ? આથી એણે 'ત્રીજા વિશ્વ' ના દેશો ભણી નજર દોડાવી.

એ દેશો ભૂખથી પીડાતા હતા. ગરીબીથી રહેંસાતા હતા અને એની પાસે પીવા માટે સ્વચ્છ જળ નહોતું અને અર્ધાથી વધુ લોકોને માંડ એક ટંકનું ભોજન મળતું. કેટલાકને ભોજન માટે બટકું રોટલો પણ નસીબ થતો નહોતો. કોઈ અણધારી કુદરતી આફત ઊતરી આવે, તો ત્રીજા વિશ્વના દેશોની પ્રજા પર મુસીબતોનો પહાડ તૂટી પડતો. ગરીબીથી બેહાલ લોકો ઘરવિહોણા બની જતા અને અનેક રોગોથી ઘેરાઈ જતા. રોગની સારવારની કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી એમને માટે જિંદગી એટલે માત્ર મૃત્યુની પ્રતીક્ષા બની રહેતી !

જૉ કોલિન્સને એ નવું સત્ય લાધ્યું. સમુદ્ધ દેશો આવા ગરીબ દેશોને કેવી કલાબાજી કરીને દગાબાજીથી લૂંટે છે. પ્રગતિને નામે એ દેશોમાં પગપેસારો કરે છે અને પછી બેફામ શોષણ કરીને એ દેશની સમૃદ્ધિ ખોબે ખોબે લૂંટી લે છે અને એ દેશની જીવનશૈલી, પરંપરા, પ્રસ્થાપિત શીલ અને પ્રજાના સત્ત્વને તહસ-નહસ કરી નાખે છે.

અમેરિકાના ઓહાયો રાજ્યમાં વસતા જો કોલિન્સે સમૃદ્ધ દેશોની આવી માનવતા વિરોધી પ્રવૃત્તિ દુનિયા

સામે પ્રગટ કરવાનો નિર્ધાર કર્યો. બળિયો નબળાને ખાઈ જાય તે ન ચાલે ! જૉ કોલિન્સના બુઝુર્ગ પિતાએ એને બાળપણમાં ઈતિહાસના ઘણા પાઠો શીખવ્યા હતા. નિશાળમાંથી અમેરિકાના ઈતિહાસની તવારીખના પાઠો ભણીને આવતા જૉ કોલિન્સને એના પિતા ઘટનાઓ અને પોતાના અનુભવો દ્વારા એ સમયનો ઈતિહાસ જીવંત કરી આપતા, કારણ એટલું જ કે એના પિતા એ ઐતિહાસિક સમયના સ્વયં સાક્ષી હતા !

ધીરે ધીરે નિશાળીયા જૉ કોલિન્સને સમજાયું કે પાઠ્યપુસ્તકોમાં આલેખાયેલી ઘટનાઓ અને વાસ્તવમાં બનતી ઘટનાઓ વચ્ચે આભ-જમીનનું છેટું હોય છે અને એમાંથી નિશાળીયા જૉ કોલિન્સે એવું તત્ત્વ તારવ્યું કે જુદા દૃષ્ટિકોણથી જીવનમાં વિચારવું જોઈએ, કારણ કે તે વાસ્તવ કે સચ્ચાઈની વધુ નજીક હોય છે. બીજા નિશાળીયાઓ નિશાળમાં જે શીખવાય કે સમજાવાય તેને બ્રહ્મવાક્ય માનતા હતા, ત્યારે કોલિન્સે દરેક બાબતને ભિન્ન દૃષ્ટિકોણથી જોવાનો અને વિચારવાનો પ્રારંભ કર્યો. મૌલિક દૃષ્ટિએ એ ઘટનાઓની ચિકિત્સા કરવા લાગ્યો., ત્યારે એને જણાયું કે વિશ્વનો સમુદ્ધ માનવતાવાદી અને લોકશાહી ધરાવતો દેશ અમેરિકા કેટલાય દેશોને એનાં અમાનવીય કૃત્યોથી કંગાળ બનાવી રહ્યો છે !

આને માટે જૉ કોલિન્સે ત્રીજા વિશ્વના દેશોની પ્રજા સાથે વસવાટ કરવાનું સ્વીકાર્યું. એ શોષિત લોકોની જીવનશૈલી અને રહેણીકરણીનો પરિચય મેળવ્યો. ગ્વાટેમાલાના પહાડોમાં વસતા માયાન લોકો સાથે લાંબો સમય રહીને એમની વેદનાનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો. ફિલિપાઈન્સના મિંડીનાઉ વિસ્તારના પ્રવાસે ગયા અને એ વિસ્તારના લોકોનાં દુ:ખદર્દ સાથે સંવેદનાભર્યો હૃદયતંતુ બાંધ્યો. પ્રજાજીવનના પ્રવાહોનો એમણે અનુભવ કર્યો અને પાંચ વર્ષમાં તો એમને એ સત્ય લાધી ગયું કે અમેરિકાની સરકાર અને અમેરિકાની જંગી કંપનીઓએ આ ગરીબ અને પછાત દેશોની કુદરતી સંપત્તિ પર અત્યાચાર કરીને એનું અપહરણ કર્યું નથી, બલ્કે એથીય વિશેષ એ દેશોની વર્ષો જૂની ઉચ્ચ સભ્યતા અને એના જીવનધારક માનવતાનાં મૂલ્યો પર કુઠારાઘાત કર્યો છે.

એણે અનુભવ્યું કે ચીલી જેવા દેશમાં તાંબુ કાઢવાની ખાણોમાંથી અમેરિકન કંપનીઓએ અઢળક નફો મેળવવાનું ષડયંત્ર રચ્યું છે. તાંબુ ચીલીનું, પણ એમાંથી પુષ્કળ નફો પ્રાપ્ત કરે અમેરિકન કંપનીઓ, આવી રીતે નફો વિદેશમાં ચાલ્યો જતો હોવાથી ચીલીની સમગ્ર અર્થવ્યવસ્થા બિસ્માર થઈ ગઈ. એની ગરીબી વધતી ગઈ અને ભૂખમરાથી અનેક લોકો મરવા લાગ્યા.

એક જમાનામાં વેપારીના વેશમાં આવીને ઈસ્ટ ઈન્ડિયા કંપની મારફતે અંગ્રેજોએ ભારતનું જેવું શોષણ કર્યું હતું, તેવું શોષણ અમેરિકાએ ચીલી કે પેરુનું કર્યું. એમને માટે આ દેશો એ આગવી પરંપરા ધરાવનારા દેશો નહોતા. એમને અહીંના પ્રજાજીવન સાથે સ્નાનસૂતકનો સંબંધ ન હતો. એમને માટે તો ત્રીજા વિશ્વના ગરીબ દેશો એ જંગી નફો રળવાનું મોટું બજાર હતું. આ દેશોનું જનજીવન સાવ નીચી સપાટીએ પહોંચે કે જીવનધોરણ સાવ કથળી જાય, તો પણ એમને વાંધો ન હતો. માત્ર એમને એમનું નફાનું ધોરણ પ્રતિવર્ષ વધતું રહે તેની ફિકર હતી.

જૉ કોલિન્સ આનો ઉપાય વિચારવા લાગ્યો. જેમ જેમ વિશ્વના ત્રીજા દેશોની મુસાફરી કરતો ગયો અને માહિતી મેળવતો ગયો, તેમ તેમ એનું હૃદય વલોવાઈ ગયું. એણે વિચાર્યું કે અમેરિકન સરકારના પ્રપંચો ત્રીજા વિશ્વના દેશોમાં જુદાં જુદાં રૂપે પ્રવર્તે છે. આ સઘળા દેશોની મુસાફરી કરીને એમને જાગૃત કરવા માટે એક જિંદગી સાવ ઓછી પડે.

આને બદલે ખુદ અમેરિકન પ્રજાજનોને જાગૃત કરું અને આ ભયાવહ શોષણને અટકાવવું એ જરૂરી છે. બીજા દેશોને સહાય કરવા માટે પોતાની જન્મભૂમિમાં આંદોલન કરવાનો જૉ કોલિન્સે વિચાર કર્યો. એણે મૌલિક દૃષ્ટિકોણથી નવી દિશામાં વિચાર કર્યો. અમેરિકન

પ્રજામાં જાગૃતિ આણીને ત્રીજા વિશ્વના દેશોમાં વસતા લોકોને માટે દુઃખ, ભૂખ અને યાતના જગાવતાં પરિબળો સામે આંદોલન કરવું. સરઘસો દ્વારા શોષણપ્રિય અમેરિકાની સરકારની ઊંઘ ઉડાડવાનો પ્રયત્ન કરું. વળી આ જનજાગૃતિ કાજે ઝઝૂમતા લોકોને આર્થિક સહાય કરું.

એવામાં અમેરિકામાં વિયેટનામ યુદ્ધવિરોધી આંદોલન પરાકાષ્ઠાએ પહોંચ્યું. આ આંદોલનને અમેરિકાએ બે વિચારધારાના આંદોલનનું સોહામણું રૂપ આપ્યું. આને સામ્યવાદ અને સરમુખત્યારશાહી બળો સામે પ્રજાના મુક્ત અને સ્વતંત્ર અવાજને ગજવતું લોકશાહી માટેનું યુદ્ધ ઠેરવ્યું. બન્યું એવું કે બે અમેરિકા અને એના સાથી રાષ્ટ્રોએ ઉત્તર વિયેટનામ પર ભૂમિદળથી હુમલો કરવાને બદલે ભારે બૉમ્બવર્ષા કરી. હેલિકૉપ્ટરનો પુષ્કળ ઉપયોગ કર્યો. આ બૉમ્બવર્ષામાં ઉત્તર અને દક્ષિણ વિયેટનામના ઉદ્યોગો, વાહનવયવહારો, ખેતરો અને જંગલોને ભારે નુકસાન થયું. દક્ષિણ વિયેટનામની વસ્તીના ૫૦ ટકા લોકો નિરાશ્રિત બની ગયા, કારણ કે બૉમ્બ વર્ષાથી એમનાં ઘરો ભાંગીને ભંગાર થઈ ગયાં હતાં.

અમેરિકાના પ્રચારતંત્રએ પ્રજાકીય લોકશાહી અને એકહથ્થું સત્તાવાદ સામેના સંઘર્ષ રૂપે આ યુદ્ધને યોગ્ય અને અનિવાર્ય ઠેરવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિયેટનામવાસીઓને તો પોતાના ડાંગરનાં ખેતરોમાં રસ હતો. જંગલમાંથી મળતી આવક એમની આજીવિકા હતી અને પોતાનું રાષ્ટ્ર, પોતાની જમીન અને પોતાનું કુટુંબ જળવાય, તેની રાતદિવસ ચિંતા હતી.

જૉ કોલિન્સે જોયું કે ઉત્તર વિયેટનામ અને દક્ષિણ વિયેટનામના યુદ્ધમાં ભારે ખુવારી થતી હતી. દક્ષિણ વિયેટનામના દસ લાખ લોકો મૃત્યુ પામ્યા, તો ઉત્તર વિયેટનામના પણ પાંચથી દસ લાખ જેટલા સૈનિકો યુદ્ધમાં હોમાઈ ગયા. બંને દેશના અસંખ્ય નાગરિકો મૃત્યુ પામ્યા. આ ઉપરાંત અઠ્ઠાવન હજાર જેટલા અમેરિકન સૈનિકો પણ આ સંઘર્ષમાં મરણ પામ્યા.

એકહથ્થું સત્તાની સામે યુદ્ધની વાત કરતા અમેરિકન સત્તાવાદે વિયેટનામની જે દુર્દશા કરી, તેની સામે અમેરિકામાં જ લોકઆંદોલન જાગ્યું. જૉ કોલિન્સે પહેલું કામ અમેરિકી માનસને બદલવાનું કર્યું. લોકશાહીના રખેવાળના રૂપમાં અમેરિકા ત્રીજા વિશ્વના દેશોમાં કેવું મનસ્વી અને સત્તાખોર આચરણ કરે છે, તે અંગે જૉ કોલિન્સે અમેરિકન પ્રજાને જાગૃત કરી. એણે સરકારને નિશાન બનાવીને સીધા તીર તાકવાનો પ્રારંભ કર્યો અને અમેરિકન પ્રજાને વિયેટનામમાં અમેરિકાએ સર્જેલી તબાહીનો ચિતાર આપ્યો. યુદ્ધમાં તારાજ થયેલાં નગરોનાં દૃશ્યો બતાવ્યાં. ટેલિવિઝન પર યુદ્ધની વિભીષિકા જોઈને અમેરિકાનો સંસ્કૃત સમાજ ધ્રૂજી ઊઠ્યો.

જૉ કોલિન્સે વિયેટનામ યુદ્ધવિરોધી કૂચની આગેવાની લીધી અને અમેરિકન સરકારે આ કૂચમાં જોડાયેલા ૨૦૦ લોકોને પંદર દિવસ સુધી જેલમાં ગોંધી રાખ્યા. જૉ કાલિન્સે જોયું કે માંડ માંડ પંદરસો કેદી સમાવી શકે તેવી જેમાં ત્રણ હજાર જેટલા કેદીઓને રાખવામાં આવ્યા હતા. આ સમયે યુવાન જૉ કોલિન્સે જેલની વ્યવસ્થા સંબંધી સવાલો ઉઠાવ્યા.

આ યુદ્ધના પ્રારંભે ૧૯૬૦ના ગાળામાં કોલિન્સ એકવીસ વર્ષના હતા, પણ એમને યુદ્ધથી સર્જાતી ભયાનકતાથી એને ભારે પીડા થતી હતી. કઈ રીતે આ યુદ્ધ અટકાવવું ? સત્તા અને પ્રભુત્વના અભિમાનમાં છેક વિયેટનામ સુધી દોડી જોઈને બૉમ્બવર્ષા કરનારી અમેરિકન પ્રજાને કઈ રીતે ખડી કરવી ? (ક્રમશઃ)

❋ ❋ ❋

પ્રમુખશ્રી, ગુજરાત વિશ્વકોશ, રમેશપાર્ક પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

❋ શબ્દ નહીં લોકોનું વર્તન જ કહી દે છે કે એમના જીવનમાં આપણું કેટલું મહત્ત્વ- છે. -ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

## ખોરાક ભરવા માટે વપરાતા પ્લાસ્ટિકના ડબ્બાઓના ભયસ્થાનો

ડૉ. જાનકી પરીખ

આજના સમયમાં આપણે પ્લાસ્ટિક અને ડીસ્પોઝીબલ જીવન જીવી રહ્યા છીએ. આપણા ઘરમાં પ્લાસ્ટિક એટલું ઘૂસી ગયું છે કે રસોડાની ચીજો તથા બીજી અનેક વસ્તુઓ આપણે પ્લાસ્ટિકમાં ભરીએ છીએ, ફ્રોઝન કરીએ છીએ, સ્ટોર કરીએ છીએ અને બીજા પણ ઘણા ઉપયોગો થાય છે. પ્લાસ્ટિકનો સોથી મોટો ફાયદો છે તેની વાપરવાની સરળતા. મોર્ડન લાઈફ સ્ટાઈલમાં બચેલો ખોરાક ફ્રીજમાં કે ફ્રીઝરમાં સ્ટોર કરવો એ સામાન્ય બાબત બની ગઈ છે. ઓફિસ જતા લોકો જાણી જોઈને એકસ્ટ્રા ખોરાક તૈયાર કરે છે જેથી તેઓને બીજા દિવસના ખોરાકની સગવડ થઈ શકે. આપણે બચેલો ખોરાક ફ્રિજમાં ભરીએ છીએ. પ્લાસ્ટિક અત્ર-તત્ર-સર્વત્રની માફક બધે જ હોય છે. તેના વાડકા, કોથળીઓ, બોટલો, ટીફીનના ડબ્બા, ચમચી વગેરે... ચાના કપથી લઈને ટ્રેનમાં કે ફ્લાઈટમાં અપાતા ખોરાક, લારી પરની ચા થી લઈને ટેકઅવે ફૂડ પાર્સલના ડબ્બા બધે જ પ્લાસ્ટિક છે.

પરંતુ શું પ્લાસ્ટિકના વાસણોમાં ખોરાક રાખવો યોગ્ય છે ? ઘણા લોકો ફ્રિજમાં ફક્ત સ્ટીલનાં વાસણો જ રાખે છે. જ્યારે કેટલાંક લોકો કાચનાં વાસણોનો ઉપયોગ કરે છે. પ્લાસ્ટિક એક એવી વસ્તુ છે જે વાપરવી, સાફ કરવી અને સાથે લઈ જવી સરળ છે અને સૌથી સારી વાત એ છે કે તૂટવાનો ડર નથી, પરંતુ બધા પ્લાસ્ટિક ફુડ ગ્રેડ ક્વોલિટીના હોતાં નથી. અમુક પ્રકારના પ્લાસ્ટિક હલકી ગુણવત્તાના હોવાથી તેમાં ખોરાક ભરવાથી કે માઈક્રોવેવમાં તેને ગરમ કરવાથી તેમાં રહેલાં હાનિકાનરક તત્ત્વો ખોરાકમાં ભળે છે જે આપણા આરોગ્યને ખૂબ નુકસાન કરે છે. જેમાં ચયાપચયને લગતી તકલીફો જેમકે સ્થૂળતા અને પ્રજનન શક્તિમાં ઘટાડો થાય છે. કેન્સર કરનાર તત્વો પણ ઉમેરાય છે અથવા તો હોર્મોન્સની ક્રિયા બગડે છે. જો આપણે તેમાં ભરેલા ખોરાકને માઈક્રોવેવમાં ગરમ કરીએ તો ખરાબ કેમિકલ્સ વધારે પ્રમાણમાં ખોરાકમાં ભળે છે. માર્કેટમાં ઉપલબ્ધ પોલીઈથાઈલીન ટેરેફથેલેટ પ્લાસ્ટિકના કન્ટેનર સૌથી સારા માનવામાં આવે છે. પ્લાસ્ટિકના આ વાસણને પાણીથી સાફ કર્યા બાદ બે વાર ઉપયોગ કરી શકાય છે. પરંતુ તેને વારંવાર ધોવાથી તેમાં જોવા મળતા રસાયણો કે પાણીમાં કે ખોરાકમાં ભળી જાય છે. આવી સ્થિતિમાં, જો વાસણમાં કોઈ પ્રકારની સમસ્યા હોય, તો તેને સમયસર ફેંકી દો અને તેનો ઉપયોગ ન કરો.

જો તમારે બચેલો ખોરાક સંગ્રહ કરવો હોય તો બાયો પ્લાસ્ટિકનો ઉપયોગ કરો.બાયો પ્લાસ્ટિકનો ઉપયોગ પ્લાસ્ટિકના કપ,પ્લેટ બનાવવા માટે થાય છે. તેને બનાવવા માટે મકાઈ, બટાકા, શેરડીનો ઉપયોગ કરવામાં આવે છે. બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક એટલે એવા પ્લાસ્ટિક છે કે જે પર્યાવરણમાં કુદરતી ખાતર અને કચરા તરીકે વિઘટીત થઈ ભળી જતા હોય છે. એમ માનવામાં આવે છે કે ખોરાક, પાણી અને ત્વચા દ્વારા આપણા શરીરમાં ઘણું પ્લાસ્ટિક જાય છે અને તેમાં રહેલાં રાસાયણિક એડિટીવ્સ અને પ્રદૂષણકર્તા ચીજો પણ.

પ્લાસ્ટિકના લંચ બોક્સ જોવામાં જેટલા ખૂબસૂરત દેખાય છે, સાફ કરવામાં તેટલા જ મુશ્કેલ પણ છે. આપણે તેને ઉપરથી સાફ કરી દઈએ છીએ. પરંતુ ક્યારેક તેના નાનકડા ખૂણામાં ખાવાનું જતું રહે છે. જ્યાં ફૂગ ઉત્પન્ન થાય છે. જ્યારે તેમાં બીજું ફ્રેશ ફૂડ પેક કરવામાં

આવે ત્યારે ફૂગના કિટાણું આ ખાવામાં ચોંટી જાય છે. બાળકના સ્વાસ્થ્ય માટે તે ખૂબ જ નુકસાનકારક છે.

બાળકોના પ્લાસ્ટિકના લંચ બોક્સના નુકસાન :

- તેનાથી બાળકના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. ધીરે-ધીરે હેલ્થ પર પણ તેનો પ્રભાવ જોવા મળે છે.
- તેનાથી બાળકની ભૂખ ઓછી થઈ જાય છે. ખાવાની રૂચિ ઘટી જાય છે.
- ટિફીનમાં પેક કરેલા ફૂડનો સ્વાદ પણ બદલાઈ જાય છે.
- તેનાથી કૅન્સર થવાનું જોખમ રહે છે.
- બાળકોના શરીરમાં થતા ફેરફારોને કારણે મેદસ્વિતાનો પણ બહુ જલ્દી શિકાર બને છે.

પ્લાસ્ટિકની વસ્તુઓ અલગ-અલગ કેમિકલનાં મિશ્રણથી બને છે. જે ખતરનાક કેમિકલ્સ આપણા ફૂડમાં પણ ભળે છે. 'એન્ડોક્રાઈન ડિસ્ટ્રેક્ટિંગ' એવા કેમિકલ્સ ગરમ ફૂડને પ્લાસ્ટિક બોક્સમાં પેક કરવાથી ઉત્પન્ન થાય છે. જે પહેલા પ્લાસ્ટિકમાં મોજૂદ નથી હોતું. આ કેમિકલ્સ શરીમાં પ્રવેશતા અંતઃસ્ત્રાવી ગ્રંથિઓને મોટું નુકસાન થાય છે.

ફૂડ સ્ટાન્ડર્ડ એજન્સી દ્વારા ઉત્પાદિત માર્ગદર્શિકા, પ્લાસ્ટિકના ઉત્પાદનમાં ક્યા ખોરાકના સંપર્ક ઘટકોનો ઉપયોગ કરવો જોઈએ અને ન કરવો જોઈએ તે અંગેની માહિતી પ્રદાન કરે છે.

આ નિયમો હેઠળ ઉત્પાદકો માટે તે ઘટકોનો ઉપયોગ કરવો તે ગેરકાયદેસર છે જે તે ખોરાક માટે હાનિકારક હદ સુધી રસાયણોનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ઉત્પાદકોએ સામગ્રીનું તાપમાન, સામગ્રીનો પ્રકાર અને સામગ્રીનો કેટલો સમય સંગ્રહ કરવામાં આવશે તથા પ્લાસ્ટિકનો ઉપયોગ કઈ શરતો હેઠળ કરવામાં આવશે તે પણ ધ્યાનમાં લેવું જોઈએ.

ઘણા ટેક-અવે ફૂડ કન્ટેનરને સ્ટોર કરે છે તેને ફરીથી ઉપયોગ માટે રાખી લે છે. જે આ પ્રકારના અથવા અન્ય પ્રકારના પ્લાસ્ટિક જેવા કે પૉલિથીલિન અથવા બંનેમાંથી બનાવવામાં આવે છે. પ્લાસ્ટિકના ઉત્પાદન દરમિયાન અન્ય ઘણાં રસાયણો પણ મિશ્રિત થાય છે. ઉદાહરણ તરીકે પિગમેન્ટ અને એડિટિવનો ઉપયોગ કન્ટૅનરને નરમ બનાવવા માટે થાય છે.

2022માં વૈજ્ઞાનિકોના જૂથે 388 'હાર્મફૂલ કેમિકલ્સ' ની સૂચિ પ્રકાશિત કરી હતી, જેનો ઉપયોગ ખોરાક સંપર્ક સબંધિત ઉત્પાદનોમાં થતો હોય છે. આવા 'ચિંતાજનક રસાયણો'ના પદાર્થોને જોખમી ગણવામાં આવે છે, કારણ કે તે કૅન્સર કરી શકે છે. આ પ્રકારના ચિંતાજનક એવા 388 પદાર્થોમાંથી 197 નો ઉપયોગ ફૂડ કૉન્ટેક્ટ પ્લાસ્ટિકના ઉત્પાદનમાં થાય છે.

આમ જોવા જઈએ તો ભલે પ્લાસ્ટિક સ્ટોરેજ, ફ્રીઝર, ટેકઅવે માટે ખૂબ આસાન હોય, તો પણ ઉપરોક્ત ભયસ્થાનોને ધ્યાનમાં લઈને આપણે હવે કાચ, સ્ટીલ, ચિનાઈ માટી કે અન્ય ધાતુનો ઉપયોગ વધારવો જોઈએ, કમસે કમ આપણા ઘરમાં તો આપણે તે અમલમાં મૂકી જ શકીએ.

❋ ❋ ❋

૪૫૦, અભિશ્રી કોમ્પ્લેક્ષ, સ્ટાર ઇન્ડિયા બજારની સામે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
(મો.) ૯૪૨૬૪૦૮૮૪૭

**સંસ્થાના મુખપત્ર 'સુવિચાર'ના ગ્રાહક બનીને પણ આપ સંસ્થાના સેવાકાર્યને સહાય કરી શકો છો.**

૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦ ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦
૫ વર્ષનું લવાજમ રૂા. ૮૦૦

## સમુદ્ર મંથન

ડૉ. વિદ્યુત જોષી

બજારવાદે અનેક સામાજિક-માનસિક સમસ્યાઓ સર્જી છે.

હું અખંડ વ્યક્તિત્વ નથી, હું પાન નં., મોબાઈલ નં.,આધાર નં., બેન્ક ખાતા નં., ગ્રાહક નં. વગેરેમાં વહેંચાઈ ગયો છું.

નવ ઉદારવાદમાં ધન (પૈસો) એ દ્વિતીય કક્ષાની મૂડી કૅપિટલ- છે. માહિતી એ પ્રાથમિક કક્ષાની મૂડી છે. હવે જેની પાસે ધન હશે તે નહીં પરંતુ જેની પાસે માહિતી હશે તે ઉચ્ચ વર્ગમાં આવશે, વધુ સારો ધંધો કરી શકશે. કારખાનું નાખીને ઉત્પાદન કરવું તે નીચલી કક્ષાનું કામ છે. ઉત્પાદકો અને ગ્રાહકોની માહિતી મેળવીને (કેપ્ચર કરીને) વસ્તુ કે સેવા પૂરી પાડવી તે નવ ઉદારવાદ છે. બજારવાદ છે. આવા બજારવાદે નાગરિકોને એટલે કે જીવંત અને અખંડિત વ્યક્તિત્વોને માહિતીમાં બદલી નાખ્યા છે. હું હવે એક અખંડ વ્યક્તિત્વ-નાગરિક નથી. હું અમુક ગ્રાહક નબર, અમુક આધાર નંબર, અમુક બેન્ક ખાતા નંબર,અમુક મોબાલઈ નંબર, અમુક વિજળી બીલ નંબર, અમુક કાર નંબર છું અને વિવિધ સેવા આપનાર મને તે નંબર મુજબ વિવિધ રીતે ઓળખે છે. હવે હું અમુક ક્ષમતાઓ ધરાવતો સંપૂર્ણ નાગરિક નથી. પ્રેમાળ પિતા કે પતિ નથી. હું પૈસા આપીને અમુક વસ્તુ કે સેવા મેળવનાર વસ્તુ છું. મને જે તે સેવા કે વસ્તુ માટે ફોન કે ઈમેલ આવે ત્યારે મને મારું નામ નહિ, નંબર પૂછવામાં આવે છે. એક દાખલો આપું છું. હું ઓનલાઈન અમુક વસ્તુ મંગાવું છું. તે મારો ઓર્ડર મોબાઈલ નંબરના આધારે રહે છે. મારા બિલમાં મારો મોબાઈલ નંબર અને પાન નંબર હોય છે. નામ નથી હોતું. મને વસ્તુ ન ગમે કે ખોટી વસ્તુ આવે તો મારી પાસેના નંબર પર ફોન મારીને યંત્ર સામે રેકોર્ડેડ ફરિયાદ નોંધાવું છું. કોઈ જવાબદાર વ્યક્તિ મારી સાથે વાત નથી કરતી. હું લડાઈ જાઉં તો તેનો કોઈ અર્થ નથી. મને વસ્તુ નથી ગમી તેની સાબિતી તેની પાસે છે. મારી પાસે ગુસ્સો, હતાશા કે અફસોસ છે. આની અસર મારા વ્યક્તિત્વ પર થાય છે.

ઉદારવાદ કે મૂડીવાદમાં સ્થિતિ સારી હતી. હું દુકાનમાં માલ લેવા જતો તે દુકાનદાર મને ઓળખી જતો અને કહેતો કે સાહેબ આ વસ્તુ ન લો. તે સારી નથી કે એક્સપાયરી ડેટની છે. જો ઘરે ગયા પછી મને વસ્તુ ન ગમે તો તે બદલી આપતો. તે મને ઓળખતો. તે મારી એષણાઓ, ભાવનાઓ અને ઈચ્છાઓ જાણતો. ગ્રાહક અને વેપારી વચ્ચે મોઢામોઢના અને સામાજિક સંબંધો કેળવતા. સુખઃદુઃખમાં સાથ આપનાર સાથીદાર બની જતા. તે મને પૈસા લઈને વસ્તુ આપતો તેવી જ રીતે હું ક્યારેક તેનું કામ પણ કરી આપતો. મારો દરજી મારા માપના કપડાં સીવતો અને તેને મને કેવા કપડાં સીવતો અને તેને મને કેવા કપડાં ગમે છે. તેનો ખ્યાલ રહેતો. હવે હું ઓનલાઈન કપડાં મગાવું છું અને તે મારી રુચિ મુજબના હોય અને ન પણ હોય.

ઉદારવાદ કે મૂડીવાદમાં મૂડીનો વિજય ખરો, પરંતુ મને મારું વિચાર સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય હતું. હું સ્વતંત્ર તરીકે વિચારી શકતો. મારી પાસે અનેક પ્રકારની અને ક્યારેક વિરોધાભાસી માહિતી આવતી અને હું તેમાંથી મારી પસંદગીની માહિતીનું ચયન કરી શકતો. આમ હોવાથી સમાજમાં શ્રમિકો , દલિતો, નાના ખેડૂતો, આદિવાસી, એલજીબીટીક્યુ, વગેરે અનેક લોકોના અધિકારોની અને તેમને પૂર્ણ કક્ષાના નાગરિકો બનાવવાની

વાતો માધ્યમોમાં થઈ શકતી. હવે આવું કોઈ લખે તો વીજાણુ માધ્યમોમાં રહેલ અલ્ગોરિધમ તેને રોકી પાડે છે અને હાંસિયામાં હડસેલી દે છે. આઈટીની કૃપાથી આજની અલગોરિધમ અને અમુક જ વિચારો મેળવતો અને અમુક વિચારો રોકતો કરી દીધો છે. વીજાણુ માધ્યમો પર સક્રિય મિત્રોને ખબર હશે કે અલગોરિધમના અને અમુક વિચારો રોકતો કરી દીધો છે. વીજાણુ માધ્યમો પર સક્રિય મિત્રોને ખબર હશે કે અલ્ગોરિધમના હુમલા પછી સામાજિક માધ્યમોમાં અમુક પ્રકારની માહિતી વધુ પ્રમાણમાં આવે છે. કહેવામાં એવું આવે છે કે તમને ગમતી માહિતી વધુ આવશે. પરંતુ વાસ્તવમાં અમુકતમુક ધંધાની માહિતી જ શુદ્ધ માહિતીના નામે આવતી જાય છે. ધીમે ધીમે તમારા વિચાર જગત પર કબજો જમાવવા માટે માહિતી વિજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.

કેટલાક લોકો વીજાણુ માધ્યમની બજાર તરફી એકવિધતા માટે રાજ્યને જવાબદાર ઠેરવે છે. ઉદારવાદ અને મૂડીવાદમાં રાજ્ય તટસ્થ હતું તે ક્યારેક મધ્યસ્થીની ભૂમિકા પણ ભજવાતું. ખાસ કરીને ઉદ્યોગપતિ અને મજૂરના કિસ્સાઓમાં તો આવી મધ્યસ્થી મહત્ત્વની બની જતી. આજે તે મધ્યસ્થસનસ ભૂમિકા ઓછી થતી જાય છે. માટે રાજ્ય કરતા માહિતીને એક મૂડી તરીકે ઉપયોગ કરવાની નીતિ વધુ જવાબદાર છે. આને તો નવ ઉદારવાદ કહેવામાં આવે છે. એલપીજીનો અર્થ રાજ્યની ભૂમિકામાં કાપ, હવે રાજ્ય ઝડપી ઉદ્યોગીકરણ માટે માત્ર સગવડો- Infracture વધારવાની ભૂમિકા ભજવે તેવું અપેક્ષિત છે.

આવા બજારવાદમાં જ્યારે હું એક પૂર્ણ વ્યક્તિત્વ ધરાવનાર નાગરિક મટીને અટકે કે અમુક સામાજિક આર્થિક રાજકીય સંબંધોના માળખામાં વિવિધ ભૂમિકા ભજવનાર અને અમુક ભાવનાઓ, સંવેદનાઓ અને અમુક ઈચ્છાઓ ધરાવનાર અને તે રીતે અમુક નામઠામ અને ઓળખો થકી સમગ્ર સ્વરૂપે પેશ થનાર સંપૂર્ણ વ્યક્તિત્વને બદલે માત્ર અમુક નંબર તરીકે બજારમાં ઓળખ ધરાવનાર ગ્રાહક તરીકે ઓળખાતો થઈ જાઉં છું અને મારા નાગરિક સ્વાતંત્ર્યો જ્યારે માત્ર બજારની ચીજવસ્તુની પસંદગી choice માં બંધાઈ જાય છે ત્યારે હું ધીમે ધીમે અકળામણ અનુભવવા લાગું છું. મારે માત્ર ગ્રાહક તરીકે જ નહિ, અનેક રીતે વ્યક્ત થવું છે. બજારે મારા આ વ્યક્ત થવાના સ્વાતંત્ર્યને બાંધી દીધું છે તેની પીડા મને રુંધે છે. હું બજારની તુમૂલ સ્પર્ધામાં પાછો પડું ત્યારે હતાશા અનુભવું છું અને આ હતાશા ક્યારેક ડિપ્રેશન (ખિ મન), ક્યારેક આત્મઘાત ક્યારેક ગુસ્સો અને હિંસામાં પરિણમે છે. આમ માહિતી વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જે બજારવાદ પ્રસરાવ્યો છે તેને લીધે અનેક સામાજિક અને માનસિક દર્દો ઉભરી આવે છે. શરીર-દેહ-અને સ્વ વચ્ચે વિગ્રહ સર્જાય છે. શરીર માટે સુખ શોધાય છે અને સ્વ ઈજા પામે છે. જ્યારે સ્વ અને દેહ વચ્ચે દ્વૈત ઊભું થાય ત્યારે છિન્ન વ્યક્તિત્વ સર્જાય છે અને અનેક સમસ્યાઓ સર્જાય છે. કારણો બજાર અને અર્થશાસ્ત્રમાં રહેલાં છે અને ઈલાજ માનસિક અને સામાજિક થાય છે. બજારને સુધારવાનું કોઈ કહેતું નથી. લોકોને સમતુલન અને અનુકૂલન સાધવાનું કહેવામાં આવે છે.

આ બજારવાદમાં હું મારા કુટુંબની ભૌતિક જરૂરતો તો સંતોષી શકું છું. પરંતુ તુમૂલ આર્થિક સ્પર્ધામાં મારે કામમાં રોજના બારથી ચૌદ કલાક આપવા પડે છે તેથી હું કુટુંબના સભ્યોને સમય આપી શકતો નથી. તેમાં પણ જો પત્ની પણ કામ કરતી હોય તો મારા-માતા- પિતાને પણ હું કહી શકતો નથી. કુટુંબોનું પણ આણવીકરણ થાય છે. મોટું કુટુંબ ધીમે ધીમે નાનું ને નાનું બનતું જાય છે. દાદ-દાદી હવે સાથે નથી રહેતા એટલે બાળકોના ઉછેર પર અસર પડે છે. એટલું જ નહિ, પતિ-પત્ની બન્ને કામ કરે છે એટલે બાળકો જન્માવા પોસાતા નથી એથી બમણી

આવક અને બાળક નહિ કુટુંબો (Double income no childern-DNK family) કુટુંબો અસ્તિત્વમાં આવતાં જાય છે. હું રેસનો ભાંડો બનતો જાઉ છું. જો બાળકો અને સ્વસ્થ કુટુંબ ન હોય તો શા માટે જીવવું તેના સવાલો ભવિષ્યમાં આવવાના છે. હવે અમે કુટુંબમાં બેસીને ગરમ રસોઈ જમતા નથી. બજારમાં જે તૈયાર વાનગીઓ મળે છે તે આરોગીએ છીએ. આને લીધે અમે ધીમા ઝેર આરોગીએ છીએ અને સ્વાસ્થ્યની અનેક સમસ્યાઓ સર્જાય છે.

જીવનમાં માત્ર બજાર જ નથી. માત્ર વધુ આવક અને ભૌતિક સગવડો જ નથી. જિંદગીમાં તુમૂલ સ્પર્ધા જ નથી. જીવનમાં સહકાર છે, પ્રેમ છે. મૈત્રી છે. બીજા માટે કૈક કરી છૂટવાની ભાવના પણ છે. બજાર સિવાય પણ માનવ જીવનમાં ઘણા પાસાઓ છે.

(સૌજન્ય : 'સંદેશ' ઑકટોબર-૨૦૨૩)

પંચામૃત

## મૌનની શક્તિ

- ઈલા ડેલોરિયા

અમે ઉત્તર અમેરિકાના મૂળ નિવાસી ( રેડ ઈન્ડિયન) મૌનની શક્તિથી પરિચીત છીએ. અમે મૌનથી ડરતા નથી. અમારા માટે તો મૌન શબ્દો કરતાં વધારે શક્તિશાળી છે. અમારા પૂર્વજોને મૌનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને તેમણે તે જ્ઞાન અમને વારસામાં આપ્યું છે. ''જુઓ, સાંભળો અને પછી પ્રતિભાવ આપો. તેઓએ જીવનની સાચી પદ્ધતિ આ જ છે તેમ અમને સમજાવ્યું છે.

તમારું આનાથી સાવ વિપરીત છે. તમે બોલીને શીખો છો. તમે બેઠકો સતત યોજો છો. તેમાં સૌ બોલબોલ કરે છે. વાત વાતમાં વચ્ચે બોલતા જ રહે છે. તમે પાંચ, દસ કે સેંકડો વાર એકની એક વાત કહેતા રહો છો. આને તમે પ્રશ્નનો ઉકેલ માનો છો ! જો તમે કોઈ ઓરડામાં હો અને ત્યાં નીરવ શાંતિ હોય તો તમે મૂંઝાઈ જાઓ છો. તમારે તો દરેક સ્થળને ઘોંઘાટથી ભરી દેવું છે.

આ કારણે તમે સતત બોલતા જ રહો છો. તમારે શું કહેવું છે તેનો વિચાર કરતાં પહેલાં પણ તમે બોલતા રહો છો. તમે બીજાને તેનું વાક્ય પૂરું કરવાનો મોકો પણ આપતા નથી. સતત ખલેલ કરવી તેને તમે ચર્ચા કહો છો. અમારા માટે આવું વર્તન ખરાબ સંસ્કારની નિશાની છે. ક્યારેક તો મૂર્ખામીનું પ્રમાણપત્ર છે. તમે વાત કરશો તો હું તેમાં ખલેલ નહીં પાડું. જ્યારે તમે તમારું બોલવાનું પૂરું કરશો ત્યારે હું તેનો અર્થ સમજી લઈશ. તમારી વાત અતિ મહત્વની ન હોય તો હું તેની સાથે અસંમતિ દર્શાવીશ નહીં. અનેક લોકોને સ્પર્શતી બાબત હશે તો પ્રતિભાવ આપીશ અન્યથા મૌન રાખીને ત્યાંથી ચાલ્યો જઈશ. તમે જરૂરી હતું તે મને કહ્યું. હવે વિશેષ કશું કહેવાનું નથી. તમે ગોરા લોકો આ પ્રમાણે નથી કરતાં.

લોકોએ શબ્દો બીજ સમાન છે તે વાત સમજવી જોઈએ. તમે બીજને વાવો પછી તેને ઊગવા માટે મૌન પાળીને અવસર આપો. અમારા પૂર્વજોએ કહ્યું હતું, ''પૃથ્વી દરરોજ આપણા જોડે વાત કરે છે. તેની વાત સાંભળવા આપણે શાંતિ જાળવવી જોઈએ. આપણા સિવાયના અનેક અવાજો હોય છે. અનેક અવાજો.... શાંતિ રાખો, જરૂરથી તે સાંભળાશે.

## અધૂરા તોય મધુરા

ધારા સંઘવી-સોમૈયા

ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવત્ ગીતામાં કહ્યું છે કે, 'પરિવર્તન સંસારનો નિયમ છે.'

પરિવર્તન- આ નિયમ દરેક જગ્યાએ છે જડ અને ચેતનામાં પણ. જો કે આપણે એને ઉપરછલ્લી રીતે જોઈએ છે. વર્ષો પૂર્વે આજ વાતને એક મનોવૈજ્ઞાનિકે પુરાવા રૂપે રજુ કરી. દરેક સંબંધમાં દર સાત વર્ષે બદલાવ આવે છે.

શ્રીકૃષ્ણ ભગવાનને કહેલો આ નિયમ કે મનોવૈજ્ઞાનિક સંશોધન બધા જ સંબંધોમાં લાગુ પડે છે. માતા-પિતાનો સંતાનો સાથે, પતિ-પત્નીના, ભાઈ-બહેનના, કાર્ય-સ્થળ પર દરેક સંબંધોમાં આ સત્ય લાગુ પડે છે. માતા-પિતાના સંબંધો કે પછી બીજા અન્ય સંબંધોમાં જે કંઈ પરિવર્તન કે બદલાવ આવે છે એનો થોડોઘણો ક્યારેક- ક્યારેક વ્યક્તિને ખ્યાલ આવતો જાય છે, પરંતુ સૌથી વધારે મુશ્કેલી કે પડકારો ત્યાં આવે છે જ્યાં સંબંધોમાં રહેલ વ્યક્તિઓને ખ્યાલ જ નથી આવતો કે એમનામાં પરિવર્તન કે બદલાવ આવ્યો છે કારણ પુસ્તક બહુ નજીક હોય તો એના અક્ષરો વાંચવામાં કે ઉકેલવામાં સૌથી વધારે તકલીફ પડે છે.

નવાઈ લાગશે, પરંતુ સત્ય એ જ છે કે પતિ-પત્નીના સંબંધોમાં આગળ કહ્યું એમ પુસ્તક અને એના અક્ષરો જેવા છે. બહુ નજીક રહેવાથી એક સમય પછી પતિમાં આવેલા બદલાવને નથી પત્ની ઓળખી શકતી કે સામે છેડે પતિ પણ પત્નીમાં થયેલાં પરિવર્તનને નથી સમજી શકતો. જ્યારે બન્ને લગ્ન પછી નવું જીવન શરૂ કરે છે ત્યારે બન્ને જણા પહેલાં પતિ-પત્ની જ હોય છે. ધીમે ધીમે સંસાર વધે છે અને તેઓ માતા-પિતા બને છે અને જીવન આગળ વધતું જાય છે. પતિ એક પુરુષ તરીકે ઘણો બધો બદલાય છે અને પત્ની સંપૂર્ણ સ્ત્રીરૂપે ફેરવાય છે જાય છે. વળી પાછું સ્ત્રીનું તો શરીર મન બધું જ સતત પરિવર્તનશીલ છે, પરંતુ અમુક સમય વીત્યા પછી દંપતી એકબીજા સાથે જાણે-અજાણે વગર વિચારે પોતાના સંબંધોમાં સમાધાન કરવા લાગે છે. જેને લીધે સંબંધોમાં બહુ નજીકના ભવિષ્યમાં વાદ-વિવાદ, તકરાર ને જાતજાતની રામાયણ-મહાભારત શરૂ થાય છે. હાલના સમયમાં મોટાભાગે એનો અંત સુખદ નથી હોતો.

એવું જરાયે નથી કે આપણા-બાપ દાદાના સમયમાં શ્રીકૃષ્ણનો પરિવર્તનનો નિયમ નહોતો. આ બદલાવ કે પરિવર્તન જે આજના સમયમાં થાય છે એ દરેક વસ્તુ દરેક સમયે થતી જ હોય છે. ત્યારે પણ દંપતીમાં બદલાવો આવતા જ હતા. સમય, દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે એનું બાહ્ય રૂપ બદલાઈ જાય છે. હા, એ પરિસ્થિતિને સમજવા માટે કે એની સામેના પડકારોને સમજવા માટે ત્યારે ઘણાબધા લોકો આપણી આસપાસ આજર હતાં. સંયુક્ત કુટુંબને લીધે જ્યારે પણ કોઈ સ્ત્રી અસમંજસમાં મુકાતી ત્યારે એની પાસે દેરાણી-જેઠાણી, નણંદ આ બધા હાજર હતાં. એવી જ રીતે પુરુષને કઈ મૂંઝવણ થતી તો એની પાસે એના મોટા/નાનાભાઈ, શાળા-બનેવી આ બધા હાજર રહેતા. જેને કારણે આ સંબંધોમાં કઈ તકલીફ રહેતી, કે ઘર્ષણ થતું તો ત્યારે ઘર્ષણનું મૂળ કારણ શું છે એ જાણી લેવાતું. ત્યાર બાદ એને કેવી રીતે પહોંચી વળવું એ બહુ સહજતાથી અને સરળતાથી આજુબાજુના સંબંધોવાળા દંપતીને સમજાવી લેતા. ક્યાંક મોટો અવાજ થઈ જતો કે કોઈ બોલાચાલી કે જીભાજોડી થતી તો બન્ને પક્ષને વાસ્તવિકતાનું ભાન કરાવવાવાળા ઘણા લોકો હતા, પરંતુ આજે તો પુરુષ

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

પોતાની ફરજો અને જવાબદારીમાં ક્યાંય અટવાયા કરતો હોય, મનમાં ને મનમાં ગુંગળામણ અનુભવતો હોય છે. એની અકળામણ ક્યારેક નાસીપાસ થઈને તો ક્યારેક ગુસ્સા સ્વરૂપે બહાર આવે છે. બીજે છેડે સ્ત્રીની ફરજો અને જવાબદારીઓનું માળખું ઘણું બદલાય ગયું છે જેમાં એ અટવાયને ચીડ-ચીડ, કચકચ કરતી થઈ જાય છે. અંતે બન્ને મૂળ સમસ્યા પર કામ કરવાને બદલે આવી વાતને મોટું સ્વરૂપ આપી દે છે. પહેલાંના સમયમાં ઘર વડીલો શાનજમાં કહી દેતા, આજે તારી વહુરાણીમાં માતાજી આવ્યા છે. સાંભળી લે જે કા સંભાળી લેજે. એમ જ ઘરનામોભી ઘરમાં પગ મૂકતાની સાથે કહી દેતા કે, આજે ભરથાર ભઠ્ઠી પર બેઠા છે, જરા શાંતિ રાખજો. સયુંકત કુટુંબ એક જાતની મેરેજ કાઉન્સેલરની જવાબદારી ઉપાડતાં.

જ્યોતિષ તરીકે (૧૦-૧૫ વર્ષોથી ખાસ) અનુભવ્યું છે કે વાસ્તવમાં આજની પેઢીના દંપતી લગ્નના અમુક વર્ષો પછી બન્નેમાં આવેલાં પરિવર્તનને સમજી નથી શકતી. દંપતીમાં સમય અને સંજોગો પ્રમાણે બદલાતા સ્વભાવને ન ઓળખવાની શક્તિને કારણે જાતજાતના અભાવ પછી એમાંથી ઉત્પન્ન થયેલી અછત, અણસમજ, અસંતોષ, અસ્વીકારને લીધે બીજું બધું ધીમે ધીમે જન્મે છે. એક બાજુ ધીરજ ખૂટી ગઈ છે ત્યાં બીજી બાજુ સહનશક્તિ ઓછી થઈ ગઈ છે. એકબીજા પરનો વિશ્વાસ એકબીજા માટેની સમજણશક્તિ અને સહનશક્તિ બધું જ ઓછું થવા માંડે છે. બળતામાં ઘી હોમ્યું આજકાલની વેબસીરીઝે. જે રીતે વેબસીરીઝનો રાફડો ફાટ્યો છે એ આ સમજણશક્તિ પર સીધો હુમલો કરે છે અને લોકોને એમ ઠસાવે છે કે સહનશક્તિ એટલે કે ટોલરન્સ લેવલ, સમજણશક્તિ એટલે કોમ્પ્રોમાઈઝ ને વળી સ્વછંદતા અને સ્વતંત્રતા બધું સરખું જ વગેરે વગેરે... અને આ વિવાદ પહેલા જ્યોતિષીઓ, પછી કાઉન્સીલરો અને છેલ્લે કોર્ટ પાસે જાય છે.

જ્યોતિષમાં લગ્ન માટે કુંડળી મેળવવામાં આવે છે ત્યારે ગુણમેળ, કુંડળીમેળ કેટલો છે, એની સાથે સાથે પતિ-પત્નીનું ખૂબ જ અંગત જીવન કેવું છે એ પણ જાણી શકાય છે. દાંપત્યજીવનમાં બીયાબારું, શત્રુ ષડાષટક યોગ, પ્રીતિ ષડાષ્ટક યોગ, નવપંચમ યોગ, શુભ તેમ જ મધ્યમ નવપંચમ યોગ દ્વારા પતિ-પત્નીના અંગત સંબંધો મધુરાં હશે કે નહિ એ જાણી શકાય છે. શું બધા જ મધુરાં સંબંધોમાં ક્યાંય અધુરપ નહીં હોય...? સૌને ક્યાંક તો અધુરપ રહેવાની જ. વ્યક્તિના પોતાના પર છે કે એને અધૂરા અધૂરા કહીને બૂમો પાડવી છે કે અધૂરા તોય મધુરાના મીઠાં ગીતો ગાવા છે..

આધ્યાત્મિક ઝરુખોઃ- પ્રશ્ન : અંપણે બીજાની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

ઉત્તરઃ- કોણ બીજા ?

(સૌજન્ય : 'કપોળ અને કપોળ મિત્ર' સપ્ટે.૨૦૨૩)

## સદ્‌વિચાર પરિવાર : મણિનગર

સદ્‌વિચાર પરિવાર મણિનગર દ્વારા તા.૨૫-૨-૨૪ના રવિવારના રોજ મોટાપાયે ઓર્થોપેડિક, ફિઝીયોથેરાપી કૅમ્પનું આયોજન ફિઝીયોથેરાપી સેન્ટરમાં કરવામાં આવ્યું હતું. વેદ હૉસ્પિટલના ડૉ. સ્નેહ દેસાઈએ આ કૅમ્પમાં માનદ્ સેવાઓ આપી હતી. આ કૅમ્પમાં મણિનગરના ૧૫૧ દર્દીઓ ઓર્થોપેડિક તથા ૧૨૦ ને કેલ્શિયમની ઉપણની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ૫૦ દર્દીઓને ફ્રી બી.પી. તથા ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી.

આ કૅમ્પમાં ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. સલોની મોદી, પલક ઠક્કર, ધ્રુમી વગેરેએ ફ્રી ફિઝીયોથેરાપી કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત મણિનગર શાખામાં દરરોજ ખીચડી વિતરણ, વડીલોને ટિફીન સેવા, એલ. જી. હૉસ્પિટલમાં દવા વિતરણ વગેરે પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે.

## સદ્‌વિચાર પરિવારના
## સૌ આજીવન સભ્યો, દાતાઓ અને શુભચિંતકોને વિનંતી

### ૧. મણિપુરના લોકોને મદદ કરીએ :

છેલ્લાં લગભગ એક વર્ષથી આંતરજાતિય તણાવ અને હિંસાના કારણે મણિપુરના અનેક ગામો નુકશાન પામીને ઉજ્જડ થઈ ગયાં છે. અંદાજે ૬૦,૦૦૦ જેટલાં માણસો જેમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે તે કામચલાઉ નિરાશ્રીત છાવણીઓમાં રહે છે. આ છાવણીઓમાં આરોગ્ય સેવા, શિક્ષણ કાર્ય, રમતગમત વગેરેનો અભાવ હોવાથી બાળકોના વિકાસમાં રૂકાવટ આવી છે. મહિલાઓ અને વૃદ્ધો સહિત રોગીઓ માટે પૂરતી દવા કે ડૉકટર ઉપલબ્ધ ન હોવાથી પરિસ્થિતિ ચિંતાજનક છે. મણિપુરની સમસ્યાના મૂળમાં બે જાતિઓ વચ્ચેનો વિવાદ એટલી પરાકાષ્ટાએ છે કે સરકારના પ્રયત્નો બાદ પણ ક્યારે શાંતિ સ્થપાશે તે કહેવું મુશ્કેલ છે. આ સંજોગોમાં વિશ્વગ્રામના શ્રી સંજયભાઈ અને સેવાની બહેનોએ મણિપુરની નિરાશ્રીત છાવણીઓની મુલાકાત લઈને ત્યાં રાહત કામગીરીની શરૂઆત કરી છે. શ્રી હરિભાઈ પંચાલની ઉદાત્ત પરંપરા મુજબ જ્યાં જ્યાં માણસોને દુઃખ પડે ત્યાં સદ્‌વિચાર પરિવારે રાહતનો હાથ લંબાવવો જ રહ્યો. શ્રી સંજયભાઈ અને સેવાના કાર્યકરો સાથે ચર્ચા-વિચારણા બાદ પ્રથમ તબક્કે ૭૦ જેટલી દવાઓની કિટ પૂરી પાડવાની જવાબદારી સદ્‌વિચાર પરિવારે લીધી છે. આ ઉપરાંત રમતગમતનાં સાધનો અને શૈક્ષણિક રીતે ઉપયોગી પુસ્તકો પણ મોકલવાની જવાબદારી સદ્‌વિચાર પરિવારે લીધી છે. હાલ આ પ્રશ્ન ગંભીર રીતે ચાલી રહ્યો હોય મદદ માટે કેટલી રકમ જોઈશે નક્કી કરી શકાય તેમ નથી. સદ્‌વિચાર પરિવાર મણિપુરની છાવણીઓમાં દવા અને રમતગમતનાં સાધનો પૂરાં પાડવા માટે પ્રતિબદ્ધ છે. અમારી આ સૌને નમ્ર વિનંતી કે મણિપુર રાહત છાવણી માટે આપની મદદ ચેક અથવા આરટીજીએસથી નીચેની વિગતે મોકલી આપશો. આવેલ દાનની વિગત આગામી સુવિચારમાં અલાયદી યાદી તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે. ચેક ''સદ્‌વિચાર પરિવાર''ના નામનો લખવો અને ચેકની પાછળ ''મણિપુરને મદદ'' એટલું લખવું. RTGS માટેની વિગતો.

| | | |
|---|---|---|
| Bank Name | : | State Bank of India |
| S/B A/c. No. | : | 32299675533 |
| Branch | : | Judges Bunglow |
| IFS Code | : | SBIN0004423 |

| | | |
|---|---|---|
| Bank Name | : | Central Bank of India |
| S/B A/c. No. | : | 3511324242 |
| Branch | : | S. M. Road Br. |
| IFS Code | : | CBIN0281661 |

### ૨. શ્રીમતી સવિતાબેન હસમુખલાલ શાહ કૌશલ્ય નિર્માણ કેન્દ્ર - ઉંવારસદ :

દાતા શ્રીમતી સવિતાબેન હસમુખલાલ શાહ દ્વારા અપાયેલ દાનમાંથી દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્રના ભોજનાલયના પ્રથમ માળે ૧૨૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યા ઉપર બાંધકામ કરી કૌશલ્ય નિર્માણ કેન્દ્ર ટૂંક સમયમાં કાર્યરત કરવાનું છે. આ માટે વિવિધ તાલીમ કોર્સના કોર્સની જરૂરિયાત મુજબ ફર્નિચર અને સાધનોની ખરીદી કરવાની છે. હાલ તુરત નીચેના સાધનો અને ફર્નિચર માટે જરૂરિયાત છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ૮૦ ખુરશીઓ x ૨,૦૦૦ | : | રૂા. ૧,૬૦,૦૦૦/- |
| ૨. | ૩૦ ટેબલ x ૫,૫૦૦ | : | રૂા. ૧,૬૫,૦૦૦/- |
| ૩. | ૨૦ કમ્પ્યૂટર x ૪૦,૫૦૦ | : | રૂા. ૮,૧૦,૦૦૦/- |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | ૧ નંગ ઓવન (પ્રોફેશનલ) | : | રૂા. | ૩૦,૦૦૦/- |
| ૫. | ૬ નંગ બ્યૂટીપાર્લર ચેર x ૭,૦૦૦ | : | રૂા. | ૪૨,૦૦૦/- |
| ૬. | ૬ બ્યૂટી પાર્લર મીરર ડ્રોઅર સાથે ૮,૦૦૦ | : | રૂા. | ૪૮,૦૦૦/- |
| ૭. | ૫ સ્ટીલ કબાટ x ૯,૫૦૦ | : | રૂા. | ૪૭,૫૦૦/- |
| ૮. | ૧૦ ઝૂકી સિવણ મશીનો x ૧૧,૫૦૦ | : | રૂા. | ૧,૧૫,૦૦૦/- |
| ૯. | ૪ એમ્બ્રોયડરી મશીનો x ૧૧,૦૦૦ | : | રૂા. | ૪૪,૦૦૦/- |
| ૧૦. | ૨ સિવણ : કટીંગ ટેબલ અને સાધનો x ૧૫,૦૦૦ | : | રૂા. | ૩૦,૦૦૦/- |

**રૂા.૧૫,૦૦૦/- કરતાં વધારે દાન આપનાર દાતાઓના નામો પ્રવેશદ્વાર પાસે તક્તિમાં મૂકવામાં આવશે.**

આ દાનનો ચેક "સદ્‌વિચાર પરિવાર : વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર" નામે લખવો. ઓનલાઈન ટ્રાન્સફર કરવા માટે આરટીજીએસની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| Bank Name | : | Bank of Baroda |
| S/B A/c. No. | : | 76520100003889 |
| Branch | : | Shertha-382423 |
| IFS Code | : | BARB0DSHRT |

**૩. દક્ષાબહેન પંકજભાઈ શાહ એજ્યુકેશન ફંડ (શિક્ષણનીધિ) :**

શિક્ષણના ખાનગીકરણ બાદ ફીમાં થયેલા ધરખમ વધારાને કારણે તેમજ આવાસ, ભોજન, વાહન વ્યવહારને કારણે અનેક પરિવારો માટે શિક્ષણનો ખર્ચ પહોંચી વળવા માટે ખૂબ જ મુશ્કેલી અનુભવાય છે. તેજસ્વી, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે યોગ્ય રકમ લોન/સહાય તરીકે આપવા માટે દક્ષાબહેન પંકજભાઈ શાહ ઍજ્યુકેશન નીધિની સ્થાપના કરવામાં આવી છે. જરૂરિયાતમંદ પરિવારો દ્વારા સહાયની માંગણીઓ મળી રહી છે તેને પૂરી કરવા માટે દાતાઓના ઉદાર સહયોગની આવશકયતા છે. આ યોજનામાં દાતાઓ દ્વારા સ્વજનની સ્મૃતિમાં રૂપિયા એક લાખ કે તેથી વધાર રકમનું દાન આપવામાં આવશે તેમની ઈચ્છા મુજબ મુખ્ય કચેરીની તક્તીમાં નામ, સદ્‌વિચાર પરિવારનું આજીવન સભ્યપદ, સુવિચારના ગ્રાહક, પુસ્તકો, સુવિચારમાં નામ સાથે આભાર પ્રગટ કરવામાં આવશે. ચેક "સદ્‌વિચાર પરિવાર"ના નામનો લખવો. આરટીજીએસની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| Bank Name | : | Central Bank of India |
| S/B A/c. No. | : | 3768390085 |
| Branch | : | S. M. Road Br. |
| IFS Code | : | CBIN0281661 |

**૪. અન્નદાન મહાદાન :**

સતત વધતી જતી મોંઘવારીને કારણે અનેક લોકો ખાસ કરીને વૃદ્ધો, નિરાધારો, વિધવાઓ માટે ભોજનની યોગ્ય વ્યવસ્થા થઈ શકતી નથી. આવી વ્યક્તિઓ દ્વારા સદ્‌વિચાર પરિવાર પાસેથી દર મહિને તેમની ઘર ખર્ચની જરૂરિયાત માટે રૂા.૨,૦૦૦/- થી રૂા.૪,૦૦૦/-ની આર્થિક સહાય માટે વિનંતી કરવામાં આવે છે. હાલ સદ્‌વિચાર પરિવાર

તેની નાણાંકીય મર્યાદામાં આવા જરૂરિયાતમંદ પરિવારોને સહાય કરે છે. સદ્‌વિચાર પરિવારના દાતાઓ અને હિતેચ્છુઓને વિનંતી કે તેઓ આ ઉમદા કાર્ય માટે સહાય કરે. આવા એક જરૂરિયાતમંદ પરિવારને માટે સરેરાશ રૂા.૩,૦૦૦/-ની રકમનું દાન કરીને પરિવારને રાહત પહોંચાડવામાં મદદરૂપ થાય.

સદ્‌વિચાર પરિવારની મુખ્ય કચેરીમાં સોમથી શનિ સવારે ૧૧-૩૦ થી ૧૨-૩૦ વચ્ચે નિઃશુલ્ક ખીચડી પ્રસાદ વિતરણ કરવામાં આવે છે. આપની વર્ષગાંઠે, લગ્નની તિથીએ અથવા તો વડિલોની જન્મજયંતિ કે પૂણ્યતિથીએ અન્નદાન મહાદાન યોજના હેઠળ રૂા.૩,૦૦૦/- અથવા રૂા.૧,૫૦૦ અથવા તેના ગુણાંકમાં દાન આપી આભારી કરશો.

**૫. દિવ્યાંગ સહાય :**

દિવ્યાંગો માટે ખાસ કરીને શારીરિક રીતે તકલીફ ભોગવતા ભાઈ-બહેનો માટે હલનચલન માટે ટ્રાયસીકલ, વ્હીલચેર, વૉકર અને કાખઘોડીની માગણીઓ આવે છે. આપ આ ચાર વસ્તુમાંથી એક કે બેથી વધારે વસ્તુની રકમ દાનમાં આપી દિવ્યાંગના જીવનમાં રોશની ફેલાવવા મદદ કરો તેવી વિનંતી છે.

(૧) ટ્રાયસીકલ રૂા.૧૩,૫૦૦ (૨) વ્હીલચેર રૂા.૧૦,૦૦૦ (૩) વૉકર રૂા. ૧,૨૦૦ (૪)કાખઘોડી રૂા. ૧,૭૦૦

**૬. આરોગ્ય નિધી :**

સદ્‌વિચાર પરિવારના ડૉ. નીતિન સુમંતરાય શાહ આરોગ્ય સંકુલમાં ચાલુ વર્ષે એપ્રિલ-૨૦૨૩ થી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન વિવિધ આરોગ્ય સેવાઓ માટે નીચે દર્શાવેલ વ્યક્તિઓએ લાભ લીધો છે. આ સેવાઓ ખૂબ નજીવા દરે આપવામાં આવે છે. પરંતુ નવા સાધનો દવાઓ અને જેમને નાની રકમ પણ ન પરવડી શકે તેવા દર્દીઓને નિઃશુલ્ક સહાય કરવા માટે આરોગ્ય નિધીમાં દાન આપીને આભારી કરશો.

| ક્રમ. | વિભાગનું નામ | લાભ લીધેલ દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | આંખ | ૪૫૯ |
| ૨. | પેથોલોજી | ૩૬૯ |
| ૩. | ડેન્ટલ | ૧૬૭૭ |
| ૪. | ફિઝીયોથેરાપી | ૬૪૪૧ |
| ૫. | નિષ્ણાત ડૉક્ટર | ૭૪૫ |
| ૬. | બહારની ઓપીડી | ૯૮૬ |
| ૭. | કૅન્સર | ૧૦૭ |
| ૮. | મેન્ટલ હૅલ્થ | ૧૭૩ |
| ૯. | મહિલા આરોગ્ય | ૨૩૫ |
| ૧૦. | વડીલ માવજત કેન્દ્ર | ૭૮ |
| | આરોગ્ય કેન્દ્રમાં લાભ લેનારની કુલ સંખ્યા.... | ૧૧૨૭૦ |

ડૉ. નીતિન સુમંતરાય શાહ આરોગ્ય સંકુલની વિવિધ સેવાઓ આગામી દિવસોમાં 'એચઓએફ'ફાર્મા કંપની અને 'રાજસ્થાન હૉસ્પિટલ'ના સહયોગમાં મેડીકલ કૅમ્પનું આયોજન કરી સૌને રાહતદરે નિદાન અને દવા અને સારવારની વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ કૅમ્પના થનાર ખર્ચ માટે રૂા.૧,૦૦૦ થી ૧૧,૦૦૦ સુધી દાન આપી આભારી કરશો. ઉપરોક્ત દાન નં. ૪, ૫ અને ૬ આપવા માટેની વિગતો પાછળના પાને દર્શાવેલ છે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

૧. ભારત સરકારશ્રીના આદેશ મુજબ ફક્ત રૂપિયા બે હજાર સુધીની રોકડ રકમ જ કાર્યાલયમાં સ્વીકારવામાં આવે છે. બે હજારથી વધારેની રકમ ચેકથી સ્વીકારવામાં આવશે. દાન આપ્યા બાદ પાકી પહોંચ અચૂક મેળવી લેવી.
૨. દાતાઓને વિનંતી કે કોઈપણ પ્રવૃત્તિના દાનનો ચેક **'સદ્‌વિચાર પરિવાર'**ના નામનો લખવો.
૩. સદ્‌વિચાર પરિવારને અપાતું દાન ઇન્કમટેક્ષના કાયદાની કલમ ૮૦જી હેઠળ ૫૦ ટકા કરરાહત માટે માન્ય છે.
૪. રૂપિયા એક લાખથી વધારેની રકમનું દાન આપનારનું નામ તકતી પર સુવર્ણ અક્ષરે અંકિત કરાશે. તમામ દાતાઓની યાદી 'સુવિચાર'માં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદ્‌વિચાર પરિવારના સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા **જનરલ એકાઉન્ટ નં.** 32299675533 જજીસ બંગલો એરિયા બ્રાન્ચ IFS Code SBIN0004423 તેમજ સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા, એસ.એમ.રોડ બ્રાન્ચ, એકા.નં. 3511324242, IFS Code CBIN0281661માં દાનની રકમ સીધી જમા કરાવી શકાય છે. **બેંકના સિક્કાવાળી રિસીપ્ટની નકલ નીચે જણાવેલ ઈ-મેઈલ આઈડી ઉપર અવશ્ય મેઈલ કરવી અથવા મો. નં. ૯૪૨૭૬૩૧૩૧૩ ઉપર વોટ્સએપથી મોકલવી તેમજ દાતાએ પૂરું નામ-સરનામું તેમજ પેન નંબર અને દાનનો હેતુ ઉપરાંત હવે તા.૧-૪-૨૦૨૨ થી ઈન્કમટેક્ષ વિભાગના નવા કાયદા મુજબ દાતાએ પોતાનો આધાર નંબર પણ ફરજિયાત જણાવવાનો રહેશે.**
**ભારત સરકાર દ્વારા નવેમ્બર-૨૦૨૩ થી સંસ્થાને વિદેશથી દાન મગાવવા માટે** (FCRA)**ની મંજૂરી મળી ગઈ છે. જેનો** Registration No. : 041910513 **છે.**

**૭. સદ્‌વિચાર પરિવારમાં દાન માટે નીચેનામાંથી કોઈપણનો આપ નિઃસંકોચ સંપર્ક સાધી શકો છો.**

| ક્રમ. ટ્રસ્ટી | મોબાઇલ નંબર | ક્રમ. ટ્રસ્ટી | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| ૧. પ્રવીણ ક. લહેરી | ૯૮૨૪૦૮૩૯૬૯ | ૨. ડૉ. પંકજ એમ. શાહ | ૮૭૫૮૦૬૦૯૦૦ |
| ૩. શૈલેષભાઈ આઈ. પટવારી | ૯૩૭૫૧૪૮૫૮૪ | ૪. પીયૂષભાઈ ઓ. દેસાઈ | ૯૭૨૭૫૪૦૦૦૦ |
| ૫. જે. બી. પંચાલ | ૯૯૨૪૮૭૧૧૮૮ | ૬. કે. આર. સિંઘ | ૯૪૨૭૩૦૩૩૧૬ |

૭. નીના એમ. શાહ (મો.નં.) ૯૭૧૨૯૯૮૭૬૭

**સદ્‌વિચાર પરિવાર સ્ટાફ**

| | | | |
|---|---|---|---|
| ૧. | મિતેષ એ. શાહ | ૯૪૨૭૬૩૧૩૧૩ | mshah644@gmail.com |
| ૨. | જપન દવે | ૯૮૭૯૯૫૭૭૧૫ | japandave007@gmail.com |
| ૩. | કામિનીબહેન જે. પટેલ | ૯૮૨૫૬૯૯૫૩૯ | - |

## સદ્‌વિચાર પરિવાર

બીઆરટીએસ બસ-સ્ટૉપ સામે, રામદેવનગર, જોધપુર ટેકરા, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
Help Line No. 9023390367/9898377700
Email : sdparivar.org@gmail.com

# પરિવર્તનના પ્રહરીઓ

પ્રવીણ ક. લહેરી

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ દ્વારા તેમના સિનિયર પ્રોફેસર શ્રી અનિલ ગુપ્તાની આગવી દૃષ્ટિ અને જહેમતથી સમગ્ર દેશમાં સર્જનાત્મક અને લોકઉપયોગી કામગીરી અનેરી સૂઝબૂઝથી કરતી વ્યક્તિઓને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

અગાઉ અને હાલ પણ વિવિધ રાજ્યોમાં શોધયાત્રા દ્વારા દૂર દરાજ ગામોમાં વિશિષ્ટ કામગીરી કરતાં અનેક પ્રતિભાવંત વ્યક્તિઓની ઓળખ કરવામાં આવે છે. દર વર્ષે ડિસેમ્બર માસમાં છેલ્લાં સપ્તાહમાં સાત્વિક પ્રદર્શન દ્વારા જુદા જુદા પ્રદેશોની પરંપરાગત વાનગીઓનો બહોળો પ્રચાર કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાંથી હજારો લોકો આ પ્રદર્શનમાં ભાગ લેવા ઉત્સાહથી આવે છે. વર્ષ ૨૦૨૩ ને યુનાઈટેડ નેશન તરફથી આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગ્રહથી શ્રીધાન્ય (millet = બરછટ અનાજ ) નો વપરાશ વધારી શરીરને યોગ્ય પોષણ મળે અને પ્રતિકાર શક્તિ વધે તે માટે આંતરરાષ્ટ્રીય millet વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

વર્ષ-૨૦૨૩ ના ડિસેમ્બરના છેલ્લાં સપ્તાહમાં સૃષ્ટિ ફાઉન્ડેશન દ્વારા ૧૨ વ્યક્તિઓને સૃષ્ટિ સન્માનથી નવાજવામાં આવી હતી. આવી વ્યક્તિઓનો પરિચય કરી તેમણે જે પ્રયોગો દ્વારા અનોખી પહેલ કરી લોક કલ્યાણના ક્ષેત્રમાં વિશેષ પ્રદાન કરી પ્રેરણા આપી છે તેને બિરદાવીએ છીએ. ચાલો ત્યારે આવી અનોખી વ્યક્તિઓનો પરિચય કરીએ.

**૧. દત્તાત્રેય વારે :**

વેબલવાડી પૂણેમાં દત્તાત્રેય વારે દ્વારા અનોખી ટેબ્લેટ શાળા દ્વારા શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. ખૂબ જ વૈભવી અને મોંઘીદાટ સેન્ટ્રલ સ્કૂલ બોર્ડ અથવા વિદેશ શિક્ષણ સંસ્થાઓ સાથે જોડાયેલી શાળાઓની તીવ્ર હરિફાઈ વચ્ચે આ નવા પ્રયોગમાં કોણ જોડાશે તે પ્રશ્નની ચિંતા કર્યા વગર દત્તાત્રેય વારેએ નિષ્ઠા, સમર્પણ અને આગવી વ્યૂહરચના દ્વારા એક નવી ભાત વિકસાવી છે. આજે વેબલવાડી જીલ્લા પંચાયતની શાળાઓ પણ સન્માન ધરાવતા શિક્ષણના કેન્દ્રો બની છે. આશ્ચર્યની વાત એ છે કે આવી શાળામાં પ્રવેશ મેળવવા માટે 2500 વિદ્યાર્થીઓની પ્રતિક્ષા યાદી છે. દત્તાત્રેય વારેના આ કાર્યને માં-બાપોએ જીલ્લા પંચાયતની શાળાઓમાં સ્થપાયેલ અભૂતપૂર્વ ઉચ્ચ ગુણવત્તા, સુયોગ્ય માહોલ અને નવા જ વિચારો સાથે ગ્રામીણ શિક્ષણને નવું રૂપ અને નવી દિશા આપ્યા છે, તેની કદર કરી છે.

**૨. પૂજા પૈજા :**

વર્ષ-1998માં પૂજા પૈજા નામના એક બહેન સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે જોડાયાં હતાં. આ બહેનને 2012 માં બઢતી આપી ધરમપુર પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે નિમણૂંક આપવામાં આવી. આ આચાર્ય પૂજા પૈજાએ પોતાની આગવી નેતૃત્વ શક્તિથી શાળાની કાયાકલ્પ કરી તેને એક પ્રગતિશીલ શૈક્ષણિક કેન્દ્ર બનાવ્યું. તેણી દ્વારા સરકારી શાળા અને ખાનગી શાળાની શિક્ષણ ગુણવત્તામાં જે ફરક હોય છે તે દૂર કરવા માટે ભગીરથ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં પૂજા બહેને સફળતા હાંસલ કરી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

પૂજા બહેને શિક્ષણને માત્ર ઔપચારિક શિક્ષણ ન રાખતાં પોતાની બહુમુખી પ્રતિભાથી બાગકામ,

રસોઈકામ, પુસ્તક પરબ જેવા કામો સાથે સાથે બાળકોમાં જીવદયા અને કરુણા વિકસે તે માટે સંવેદનશીલતાલક્ષી કાર્યક્રમો  હાથ ધર્યા. પૂજા બહેનની આ સિદ્ધિઓ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદે પ્રમાણિત કરી અને ગુજરાત સરકારે તેમનું સન્માન કર્યું. સાહિત્ય, સમાજસેવા અને શિક્ષણમાં તેમણે અનન્ય પ્રદાન કર્યું છે.

**૩. કરુણા મેહેર :**

શ્રીમતિ જશોબંતી મેહેર ઓરિસ્સાના બારપલ્લી એક સક્ષમ કસબી છે. તેમના દ્વારા કુદરતી રેસાઓમાંથી અદ્દભૂત કહી શકાય તેવી કલાકૃતિઓનું નિર્માણ કરવામાં આવે છે. આ પ્રાચીન કળાના ઉપયોગથી ભગવાન જગન્નાથના દશાવતાર જેમાં મત્સ્ય અવતારથી કલ્કી અવતારનું કલા વારસા દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીમતિ જશોબંતી મેહેર દ્વારા આજે પણ ભારતના કલા વૈભવનું તેમના કાર્ય  દ્વારા જતન અને સંવર્ધન થઈ રહ્યું છે.

**૪. ખૂશરૂ પોચા :**

શ્રી ખૂશરૂ પોચા આમ તો સેન્ટ્રલ રેલ્વેના નાગપુર ખાતે કાર્ય કરતા સુપ્રીન્ટેન્ડન્ટ છે. તેમની સદ્દગત  માતાની ઈચ્છા પ્રમાણે તેમને તેમના પત્ની ફર્મીનના સહયોગ સાથે ગરીબ દર્દીઓને ભોજન વિતરણની કામગીરી સ્વખર્ચે શરૂ કરી. દર રવિવારે 15 દર્દીઓને ભોજન આપવાની શરૂઆત બાદ આ સેવા  કિચનની પ્રવૃત્તિ 20 શહેરોમાં રાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે વિસ્તરી છે. મુંબઈ, નવી દિલ્હી, બેંગલુરુ  સહિત 20 શહેરોમાં  600 સ્વયંસેવકો સાથે આ પહેલ આજે હજારો ગરીબ દર્દીઓને ભોજન પૂરું પાડે છે. આ ઉપરાંત Covid-19 ની મહામારીના ત્રાસદાયક સમયમાં સેવા કિચને હજારો પરિવારને રાશન કીટ પૂરી પાડી છે.  રાશન કીટ કાર્યક્રમમાં વિધવાઓ અને કેન્સરના દર્દીઓને અગ્રતા આપવામાં આવી હતી.

**૫. દેબલ દેબ :**

વર્ષ 1996 માં પર્યાવરણ પ્રેમી દેબલ દેબ પશ્ચિમ બંગાળના કૃષિ વિભાગને 152 જેટલી ચોખાની જુદી જુદી જાતોના બીજને સુરક્ષા અને સંવર્ધનની દરખાસ્ત કરી ત્યારે તેના સૂચનને જોરદાર રીતે નકારી કાઢવામાં આવ્યું હતું. દેબલ દેબની જૈવિક વિવિધતા અંગેની કામગીરીનાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો કડવો અનુભવ થયો. નાસીપાસ થયા વિના પોતાની ઝુંબેશ ઉત્સાહથી ચલાવી રાખી. પરિણામ સ્વરૂપ વુહીં નામના દેશી ચોખાના બિયારણ બેન્ક સ્થાપી. આ બિયારણ બેન્કમાં આજે 1480 થી વધારે જાતના ચોખાના બીજનો સંગ્રહ જોઈએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે કે એક માણસની લગન કેવું અદ્દભૂત પરિણામ લાવી શકે છે. આજે દેબલ દેબ તરફથી 7600 ખેડૂતોને નિયામગીરીના પહાડોમાં જૈવિક અને સ્વાવલંબી કૃષિ કાર્ય માટે પ્રેરણા મળી છે.

**૬. વિનય ચારૂલ :**

પંજાબના દીનાનગરથી આવેલ વિનય દ્વારા ૧૯૮૫ નાં ગુજરાતમાં કોમી તોફાનોના અનુભવ બાદ કશુંક નક્કર કાર્ય કરવા માટે સંકલ્પ કર્યો. એગ્રીકલ્ચરલનો એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યા બાદ ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદના એક પૂર્વ વિદ્યાર્થી તરીકે તેમણે ગ્રામીણ લોકોમાં ખાસ કરીને મકાન નિર્માણમાં સ્થાનિક અને ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમના આ કાર્યમાં ચારૂલબહેન જોડાયા. આ બન્ને CEPT Universityનાં અનુસ્નાતકો છે અને તેઓ દ્વારા ગ્રામીણ, સાંસ્કૃતિક,કૃષિ જેવા અનેક ક્ષેત્રોમાં પરંપરાગત જ્ઞાન અને અનુભવનો ઉપયોગ થતો રહે તેવી કામગીરી સફળતાપૂર્વક કરી છે.

**૭. રામજીભાઈ ચૌધરી :**

70 વર્ષના આ ખેડૂતે પોતાની ૪૦ એકર જમીનમાં કૃષિ સાથે અનેક આગવા સાધનો વિકસાવ્યાં છે. સંપૂર્ણપણે જાતે શીખીને કુશળતા પ્રાપ્ત કર્યા બાદ એમણે

જે વિવિધ સાધનો વિકસાવ્યા છે. તેની યાદી રસપ્રદ છે. હાઈડ્રોલિક ગ્રાસ બાસ્કેટ, સેન્ટ ફિલિંગ બાસ્કેટ, મગફળી ઉપાડવાનું મશીન, મીની ટ્રેક્ટર દ્વારા ચાલતું કાપણી મશીન વિગેરેમાં તેમના ખંત, નિષ્ઠા અને ક્ષમતાના દર્શન થાય છે. હાથથી બળદગાડામાં સામાન ભરતા રામજીભાઈની સ્વયં સંચાલિત વાવણી મશીન અને દવા છંટકાવની વ્યવસ્થા આપણને આ વ્યક્તિની આગવી પ્રતિભાના દર્શન કરાવે છે.

**૮. રફી અહેન્ગર :**

મોહમ્મદ રફી અહેન્ગર એ ૪૨ વર્ષના યુવાન લુહાર છે. 25 વર્ષના લુહારી કામના અનુભવ દ્વારા તેઓએ અનેક સાધનોની ઉપયોગિતા વધે તે માટે તેની ડિઝાઈનમાં ફેરફારો કર્યા છે. વિવિધ કાર્યો કરી શકે તેવા એક સાધન દ્વારા કુહાડી, હથોડી, છીણી, કાપવાની ધારદાર અને સ્ક્રૂ ડ્રાઇવર જેવા અનેક કામો થઈ શકે. નવા સાધનો વિકસાવવામાં મોહમ્મદ રફી અહેન્ગરે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. તેના પિતાની પરિસ્થિતિ એવી હતી કે 8 સંતાનોને અલ્પ આવકમાં પાળી-પોષી મોટા કરવાના હતા. આવી મુશ્કેલી વચ્ચે પણ મોહમ્મદ રફીના માતા-પિતા અને પરિવારે મોહમ્મદ રફીના કામમાં પૂરતો ટેકો આપ્યો હતો. ધોરણ-૧૦ ભણ્યા પછી નાની-મોટી નોકરી કર્યા બાદ ગુજરાન ચલાવવામાં મોહમ્મદ રફીને લોખંડ સાથે લ્હેણું જાગ્યું. તેમણે વંશ પરંપરાગત લુહારી કામ અપનાવીને અતિ આધુનિક રીતે નવા સાધનોનું નિર્માણ કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભારતના એક કુશળ કારીગર પોતાની સૂઝબૂઝ અને અવિરત પરિણામથી કેવું સુંદર કામ કરી શકે તે જોવું હોય તો મોહમ્મદ રફીનો વર્કશોપ જોવો જોઈએ.

❋ ❋ ❋

બી/૨૦૧, બાગેશ્રી ટાવર, ઈસ્કોન ચાર રસ્તા પાસે,
રામદેવનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**સંસ્થાની પ્રવૃત્તિઓ માટેનો હેલ્પલાઇન નંબર : 9898377700**
**પેથોલોજી લેબ હેલ્પલાઇન નંબર : 7567166111**
**સંસ્થાની વેબસાઇટ www.sadvicharparivar.org ઉપર**
**આપ ડિજિટલ લેક્ચર નિહાળી શકો છો.**
આ ઉપરાંત સંસ્થાની વેબસાઈટ ઉપર સંસ્થાનાં પ્રકાશનો/'સુવિચાર' માસિક,
લૉકડાઉનમાં થયેલી કામગીરી, આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ, વડીલોની માવજત,
બાળકો તથા વિદ્યાર્થીઓ માટે અને બહેનો માટેની પ્રવૃત્તિઓ તેમજ
સંસ્થાની અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓ અને શાખાઓની માહિતી આપ મેળવી શકો છો.
સંસ્થાના કૅમ્પસમાં ચાલતા સદ્‌વિચાર પરિવાર અને દિશા ફાઉન્ડેશન સંચાલિત
સિનિયર સિટીઝનોને શુદ્ધ અને સાત્ત્વિક ટિફિન-સેવા
ઘરે બેઠાં મેળવવા માટે ટિફિન દીઠ રૂા.૯૦/-ની ઓછામાં ઓછી
પંદર દિવસની કૂપન અગાઉથી ખરીદવાની રહે છે.
ભોજન-હૉલમાં પણ રૂા.૯૦/- ભરીને ટિફિન મેળવી શકાશે તેમજ
ભારતીય ભોજનની સંપૂર્ણ થાળી અમર્યાદિત માત્રામાં ફક્ત રૂા.૯૦/- માં ભોજન-હૉલમાં બેસીને જમી શકાશે.
સમય : સવારે ૧૦-૩૦થી ૨-૦૦ અને સાંજે ૭-૦૦થી ૯-૩૦
કમ્યુનિટી કિચન માટેનો સંપર્ક નંબર (મો.) 6353467667

# જગન્નાથપૂરીથી સહયોગ

ઇંદિરા સોની

જન્મતાની સાથે જ ભગવાન જીવનચક્રનું ભાવિ નક્કી કરીને મોકલે છે. તે પ્રમાણે સુખદુઃખના ઘરચક્રમાં માનવીનું જીવન પસાર થાય છે.

શરીર પર નાનકડા ચાઠાનાં કારણે રક્તપિત્તના દર્દીને કુટુંબ પરિવાર સમાજથી તિરસ્કૃત થઈ ગામથી-શહેરથી દૂર ક્યાંથી ક્યાં ભટકવું પડે છે, ભીખ માંગવી પડે છે, ગંદા-ગોબરા ઝૂંપડામાં રહેવું પડે છે.

*ચડતી પડતીના બે પડમાં માનવ કણો પિલાય*
*કોણ પિસતું કોણ પિસાતું કોઈથી ના સમજાય*
*સમયની ઘંટી ફરતી જાય, કોઈથી રોકી ના રોકાય....*

જગન્નાથપુરી બિહારના સૂર્યનારાયણ શર્મા, પત્ની અને એક દિકરી સાથે મંદિરમાં પૂજા-પાઠ કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. દીકરીને થોડી ભણાવી. ઉંમર થતાં પરણાવી દીધી.

પતિ-પત્ની ભગવાનના ભરોસે જીવતા હતા. અચાનક પત્નીનું અવસાન થયું. એકલતા જીરવવી મુશ્કેલ હતી. ભગવાનની પૂજા કરતાં આંખમાંથી દડદડ આંસુ વહી જતાં. વતનમાંથી દિલ ઉઠી ગયું.

૨૦૦૨ની સાલમાં શર્માજી ઋષિકેશમાં ગીતાભવન મંદિરમાં આશરો લેવા ગયા. મૂળ ધાર્મિક જીવ. વર્ષોથી પુજારીનું કામ કરેલું તે જાણી મંદિરમાં સેવાપૂજાનું કામ સોંપ્યું. બે ટાઈમ જમવાનું, રહેવાનું મળ્યું. દેશ પરદેશમાંથી ભક્તો મંદિરમાં દર્શન યાત્રાએ આવે. તેમની સરભરા કરવાની-દિવસ આનંદથી પોતાનું દુઃખ ભૂલી જીવવાનું બળ મળતું.

થોડા મહિના પછી એક દિવસ સવારના ઉઠીને જોયું તો તેમના શરીર પર લાલ ચકામા ઉપસી આવેલાં. મનમાં વિચાર્યું કે કોઈ જીવજંતુ કરડ્યું હશે. બે દિવસમાં મટી જશે, પણ મટવાને બદલે આખા શરીર પર રીએકશન આવી ગયું.

હૉસ્પિટલમાં બતાવવા ગયા, ચામડીના ડૉકટરે કહ્યું કે રક્તપિત્તના રોગને કારણે રીએકશન આવ્યું છે. તમે ઋષિકેશ શિવાનંદ આશ્રમમાં જાવ. ત્યાં તમને દવાથી સારું થઈ જશે.

એ વખતે તેમની ઉંમર ૫૪ વર્ષની. શરીર તંદુરસ્ત, ઉજળોવાન, ક્યારેય માંદા પડેલા નહિ. મને આવું કેમ થયું ? હે પ્રભુ, મેં હંમેશાં નિસ્વાર્થભાવે આપની સેવાપૂજા કર્યા છે. જિંદગીમાં મેં તમારી પાસે કશુંયે માંગ્યું નથી. નિર્દોષ ભાવે કરેલી ભક્તિનું મને આ ફળ ? પ્રભુ, તમે ક્યા પાપની આ સજા કરી ? પ્રભુ તને ગમ્યું તે ખરું.

એમ વિચારી તેઓ આશ્રમમાં દાખલ થયા. ત્યાં તેમણે હાથે-પગે પાટા બાંધેલા, નાક બેસી ગયેલા, વિકૃત થઈ ગયેલા હાથ પગના આંગળા વાળા દર્દીઓને જોઈને તેઓ ગભરાઈ ગયા. મારી પણ આજ દશા થશે ? કોઈના હાથ-પગમાં નીકળતા લોહી પરૂની વાસથી તેમને ઉલટી જેવું થવા લાગ્યું. હું અહીં આવા લોકો વચ્ચે કેમ રહી શકીશ. ત્યાં વર્ષોથી રહેતાં દર્દી ભાઈઓ તેમને હૂંફ આપી સમજાવ્યા. તમને શરૂઆત છે. દવાથી સારું થઈ જશે. પગમાં વાગવાથી થોડો ઝખમ થયેલો, ત્યાં સારવારથી તેમને સારું થયું. ચાર વર્ષ ત્યાં રહ્યા. પણ મનમાં થતું અહીંથી ક્યારે ભાગી જવું, ત્યાંથી રજા લઈ તેઓ ફરી ગીતાભવન મંદિરમાં પહોંચી ગયા. ત્યાં તેમનાથી જે કામ થાય તે તેઓ કરતા. એક દિવસ કલકત્તાથી ૧૫ યાત્રીઓ મંદિરમાં દર્શન કરવા આવ્યા.

શર્માજી તેમને ગૌમુખના દર્શન કરવા લઈ ગયા. ત્યાં ખૂબ ઠંડીના કારણે ઘણી જગ્યાએ બરફની શીલાઓ થઈ ગઈ હતી. સાહસ કરી તેઓ આગળ વધી રહ્યા હતા. કમનસીબે જે શીલા પર ચઢવા ગયા તે શીલાનો અમુક ભાગ એકદમ તૂટી પડ્યો, અને ૧૫ જણા તેમજ શર્માજી ગંગાનદીમાં પડ્યા. તરતાં આવડતું ન હતું. ૧૩ જણા ડુબી ગયા. શર્માજી અને બીજા બે જણા બચી ગયા. ઉંચેથી પડવાથી શર્માજીને હાથે-પગે ફ્રેકચર થવાથી તેમને ઉત્તરાખંડના નૈનિતાલ મીલીટરી હૉસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં ઓપરેશન કર્યું. પગમાં મોટો જખમ હાથમાં દુઃખાવો ખૂબ થાય. દવા તો ચાલુ જ હતી. થોડા મહિના પછી હાથમાં દુઃખાવો ન મટતા એક્સ-રે કઢાવતા ખબર પડી કે તેમને બોનટીબી થવાથી દુઃખાવો થાય છે. નૈનિતાલમાં બે વર્ષ રહ્યા. ત્યાં તેઓને જોધપુર રાજસ્થાનમાં મધર ટેરેસા હોલમાં લઈ ગયા. ત્યાંના સિસ્ટરે ખૂબ સારી સારવાર કરી. વોકર લઈ ચાલતા થયા. સારું થયા પછી સિસ્ટરે તેમને સુરતમાં તારવાડીમાં મોકલ્યા. ત્યાં એકાદ વર્ષ રહ્યા. જિંદગી પૂજા-પાઠ ભક્તિમાં વિતાવેલી, ત્યાં ખ્રિસ્તીધર્મ પાળે, ત્યાં ગમતું નહિ. એકવાર સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં રહેતો એક દર્દી ત્યાં કોઈને મળવા ગયો. તેમની સાથે શર્માજી અમારી સંસ્થામાં કાયમ માટે દાખલ થઈ ગયા. સહયોગમાં રળિયામણું મંદિર જોઈને તેઓ ખૂબ આનંદમાં આવી ગયા. સવારના મંદિર જઈ એક કલાક પાઠ પૂજા કરી પછી પોતાના વોર્ડમાં જાય. અહીંનું વાતાવરણ તેમને ગમી ગયું.

તેઓ કહે છે કે હું અહીં બહુ જ ખુશ છું. મારા જેવા રોગીભાઈઓ સાથે જીવવાની વાતો કરવાની મઝા આવે છે. જમવાનું પણ ખૂબ સારું મળે છે. સાંજે મંદિરમાં સર્વધર્મ પ્રાર્થના થાય છે. ભગવાને મારી ખૂબ કસોટી કરી, મને ક્યાંથી ક્યાં ફેરવ્યો, છેવટે એક સાચા મુકામે મને પહોંચાડ્યો છે. આ મારી જિંદગીનો છેલ્લો પડાવ છે. માતાજી મારે મન તો આજ હવે ઋષિકેશ છે, જગન્નાથપુરી છે. મારા સોની સાહેબ મારા ભગવાન છે, જે મને દરરોજ સવારમાં આવી જયશ્રીકૃષ્ણ કહી મારી ખબર પૂછે છે. મારા કર્મે જે ભોગવવાનું હતું તે મેં ભોગવી લીધું. હવે હું અહીં શાંતિથી જિંદગીનો છેલ્લો શ્વાસ લઈશ.

જીના યહાં મરના યહાં- તેરે સિવા જાના કહાં

આ તેમના દિલમાંથી-હૃદયમાંથી નીકળેલા ભાવપૂર્ણ શબ્દો છે. અમને બન્ને જોઈને તેમના બન્ને હાથ ઉંચા થઈ આશીર્વાદ વરસાવે. આવા " કહીસે નિકલ આયે જનમો કે નાતે " ની જેમ અમારા જેવા પારકાને પોતાના માની આવા દુઃખી ભાઈ-બહેનોના આશીર્વાદ સતત મળતા રહે છે. એ અમારું અહોભાગ્ય છે. તેમના અમે ઋણી છીએ. કોઈના દેશો દોષ પ્રભુને, કર્મે લખ્યું હોય તે થાય. તેમ શર્માજી ભગવાનને દોષ દેવાને બદલે કર્મનો દોષ કાઢે છે.

✵ ✵ ✵

કુષ્ઠયજ્ઞ સેવા ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ચોકડી, જી. સાબરકાંઠા.

## 'એલ્ડરલી હોમ કેર આસિસ્ટન્ટ કોર્સ'ની સમજણ આપતું પુસ્તક

સદ્વિચાર પરિવાર સંચાલિત જેસીંગભાઈ ભોગીલાલ ચિનાઈ વડીલ માવજત સહાયક તાલીમ કેન્દ્ર દ્વારા એલ્ડરલી હોમ કેર આસિસ્ટન્ટ કોર્સ ચલાવવામાં આવે છે. તેની વિસ્તૃત માહિતી આપતું પુસ્તક **'એલ્ડરલી હોમ કેર આસિસ્ટન્ટ કોર્સ'** ઈન્ડિયન રેડક્રૉસ અને સદ્વિચાર પરિવારના સહયોગથી તૈયાર કરીને પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકની કીમત રૂા.૫૦/- રાખવામાં આવી છે. પુસ્તક મેળવવા માટે સંપર્ક : મો. નં. ૯૪૨૭૬૩૧૩૧૩

# શિક્ષણ ક્ષેત્રની મર્યાદાઓ

મંદા પરીખ

શિક્ષણની મહત્તા કોઈ ચર્ચાથી પર છે. શિક્ષણ જીવનની ગુણવત્તા સુધારે છે, રોજગારીની તકો વધારે છે, સામાન્ય જનસમાજના અવાજને બળ આપે છે, આરોગ્ય સુધારે છે, માનવ અધિકારો વિષેના અભિગમમાં પરિવર્તન લાવે છે, કાયદા વિષે જાગૃતિ લાવે છે, બહેનોના સામાજિક દરજ્જાને સુધારે છે, જ્ઞાતિવાદ કોમવાદ જેવા સાંકડા ખ્યાલોથી સમાજને મુક્ત કરે છે. બે વિશ્વયુદ્ધો પછી વેરવિખેર થયેલા વિશ્વને પાછું બેઠું કરવાના અને વિશ્વમાં ફરીથી શાંતિ અને સંવાદિતાની પુનઃસ્થાપના કરવા માટે શિક્ષણ સાર્વત્રિક હોવું જોઈએ એ વાત સ્વીકારાઈ અને શિક્ષણને સાર્વત્રિક બનાવવાના ખ્યાલથી શિક્ષણના અનેક માળખામાં અને વિષય વસ્તુમાં અવનવા પ્રયોગો થયા, જેમાં સમુદાય શિક્ષણનો ઉપયોગ પણ વ્યાપક રીતે થયો, ઔપચારિક શિક્ષણને સાર્વત્રિક કરવામાં અનેક પડકારો ઊભા થયા અને એ પડકારોને પહોંચી વળવાના પ્રયાસોમાંથી જ એમાંથી સમુદાય શિક્ષણની વિભાવના વિકસી. બધા જ લોકો વિકાસની પ્રક્રિયામાં ભાગ લઈ શકે અને બદલાતી જતી પરિસ્થિતિઓ સાથે સમાધાનપૂર્વક જીવી શકે તે માટે સમુદાય શિક્ષણ અનિવાર્ય બન્યું. ઔપચારિક શિક્ષણ એના વિષય વસ્તુ, શિક્ષણ પદ્ધતિ કે શિક્ષણ વ્યવસ્થાઓને લીધે બધાં સુધી પહોંચી શક્યું નથી. સાક્ષરતાનું કૌશલ્ય જે શિક્ષણ પહેલું પગથિયું છે તે પણ બધાં સુધી પહોંચ્યું નથી. હજી આજે પણ ૨૫ કરોડ ટકા જેટલી વસતિ નિરક્ષર છે. પ્રાથમિક શાળા પછી શાળા છોડનાર બાળકોની સંખ્યા કુલ વિદ્યાર્થીના ૧૫ ટકા જેટલી છે. આપણું ઔપચારિક શિક્ષણ વ્યક્તિગત, સર્વાંગી વિકાસ અને સામુદાયિક વિકાસ માટે પણ અક્ષમ સાબિત થયું છે. ઔપચારિક શિક્ષણથી જીવંતપર્યંત ઊભી થતી નવી નવી શિક્ષણની જરૂરિયાતોને સંતોષી શક્યા નથી. આ સંજોગોમાં ઔપચારિક શિક્ષણથી બહાર વિચારવું અનિવાર્ય બને છે.

સમુદાય શિક્ષણ એ સમુદાયમાં, સમુદાયવડે, સમુદાયને શિક્ષણ આપવાની પ્રક્રિયા છે. એમાં ભણાવનાર અને ભણનાર વચ્ચે જુદા સબંધો ઊભા થાય છે. આ પ્રક્રિયા શીખવવા કરતાં શીખવા પર વધારે ભાર મૂકે છે. એ જરૂરિયાત પર આધારિત છે અને સતત જરૂરિયાત પ્રમાણે બદલાતું રહે છે. એનું વ્યવસ્થાપન અને સંચાલન પણ ઔપચારિક શિક્ષણ કરતાં જુદું છે. એ સમુદાય કેન્દ્રી છે, સર્વ સમાવેશી છે અને જીવન સાથે જોડાયેલું છે. આ શિક્ષણનો લાભ લેવા માટે ઉમરનો બાધ નથી. સમુદાય એ કાંઈ સ્થિર/જડ ખ્યાલ નથી. વિકસતા અને પ્રગતિશીલ સમાજમાં સમુદાય બને છે અને છૂટા પડે છે. એ એવી વ્યક્તિઓનો સમૂહ છે જે કોઈ એક સમાન ઉદ્દેશ્યથી ભેગા થાય છે અને એ ઉદ્દેશની પૂર્તિ થતાં વિઘટન પામે છે. સમુદાયો જેટલા લચીલા એટલી સંવાદિતા અને શાંતિ દૃઢ બને છે. જ્ઞાનનું સર્જન અહીં સામૂહિક થાય છે અને એનો ઉપયોગ પણ સહુ માટે થાય છે. સમુદાય શિક્ષણનું કામજ બધાને જોડવાનું છે.લોકશાહીયુક્ત રાજ્યવ્યવસ્થામાં તો આ ખૂબ જરૂરી છે.

અલબત્ત સમુદાય શિક્ષણ કોઈ નવો ખ્યાલ નથી. પ્રચ્છન્ન રીતે સમુદાય શિક્ષણની પ્રક્રિયાઓ ભૂતકાળમાં ચાલતી રહી છે અને સમાજના થોડા માણસો સુધી એ પહોંચી પણ છે, પણ આપણા દેશમાં ઔપચારિક શિક્ષણની બહાર હજી બહુ જ ઓછું વિચારાયું છે.

મોટાભાગની ચર્ચાઓ શિક્ષણના માધ્યમ અને ઉદ્યોગોની જરૂરિયાતવાળા શાળા શિક્ષણનું માળખું કે ઉચ્ચ શિક્ષણના માળખા સુધી મર્યાદિત રહી છે. બધાં જ શિક્ષણપંચોએ વર્ગખંડ બહારના શિક્ષણને, સમુદાય શિક્ષણ, એક યા બીજી રીતે સમર્થન આપ્યું છે. પણ અનૌપચારિક શિક્ષણને પણ હજી આપણા જીવન કેન્દ્રી નિરંતર શિક્ષણ વગેરેની જરૂરિયાતને કે સર્વોપરી બનાવી શક્યા નથી. સમુદાય શિક્ષણના વિષય વસ્તુ, એની શિક્ષણ પદ્ધતિ, એને માળખાગત કરવી કે નહીં, એના માટે કેવી વ્યવસ્થા જોઈએ. આ બધા પ્રશ્નોના જવાબ આપણી પાસે નથી અને એટલે જ ન તો આપણે સમગ્ર સમાજને આમાં જોડી શક્યા છીએ, ન તો સમુદાય શિક્ષણને વ્યાપક હિતો માટે પ્રયોજી શક્યા છીએ.

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સમુદાય શિક્ષણ આ દેશમાં મજબૂત બને એ દિશામાં ૩ર વર્ષથી કામ કરી રહી છે. સમુદાય શિક્ષણમાં વ્યક્તિ અને સમાજના આંતર સંબંધોથી શરૂ કરી વિકાસકાંક્ષી સમાજમાં કઈ રીતે સમુદાય શિક્ષણની જરૂર ઊભી થાય છે, દેશના વિકાસની ગતિ અને સામાજિક પરિવર્તનના સિદ્ધાંતો અને સામાજિક વિકાસના કાર્યક્ષેત્રોમાં સમુદાય શિક્ષણની ભૂમિકા, સમુદાય શિક્ષણ વ્યવસ્થાઓમાં વ્યક્તિ શો ભાગ ભજવી શકે અને સમુદાય શિક્ષણનાં સંસ્થાકીકરણના ચાલક બળો કર્યા, એની પાયાની અને સૈદ્ધાંતિક ચર્ચા કરે છે. કાર્યકરોની આપણને જરૂર છે. જયાં સુધી આપણે આ માટેના જરૂરી કૌશલ્ય વિદ્યાર્થીઓને આપી ન શકીએ ત્યાં સુધી સમુદાય શિક્ષણને સર્વાંગી વિકાસ માટે પ્રયોજી નહીં શકીએ. આ દૃષ્ટિએ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ માટે જરૂરી શિક્ષણ વ્યવસ્થા ગોઠવી રહી છે. આખી નોંધ અહીં પ્રકાશિત કરી છે. યાત્રાપથના વાચકોને સમુદાય શિક્ષણના સત્ય અને મહત્તાને પ્રસ્થાપિત કરવાની અમારી આ કવાયતમાં રસ પડશે એવી આશા છે. તમે સમુદાયના એક અંગ છો એટલે એ તમારા-મારા બધાના જીવનને પણ સ્પર્શે છે. આપના પ્રતિભાવ, એ દૃષ્ટિએ અમારા માટે ખૂબ ઉપયોગી છે.

સમુદાય શિક્ષણ વિષે સમજી શકે, વિચારી શકે, એની જરૂરિયાતને સમજી શકે અને એને ઉપર્યુકત શૈક્ષણિક કાર્યક્રમો કરી શકે એવા કાર્યકરોની આપણને જરૂર છે. જયાં સુધી આપણે આ માટેના જરૂરી વિદ્યાર્થીઓને આપી નહી શકીએ ત્યાં સુધી સમુદાય શિક્ષણને સર્વાંગી વિકાસ માટે પ્રયોજી નહીં શકીએ. આ દૃષ્ટિએ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ જરૂરી શિક્ષણ શિક્ષણ વ્યવસ્થા ગોઠવી રહી છે.

(સૌજન્ય : 'યાત્રાપથ' એપ્રીલ-જૂન-૨૦૨૨)

---

*લેતાં લાગે ભાર ભાર, પણ દેતાં હળવું હળવું*
*'હું'ની અંદર ભાર ભાર, 'હું' - બહાર હળવું હળવું*
- ચંદ્રકાન્ત શેઠ

*હું તો કેદી છું ખુદના બંધનો,*
*બહારનો કોઈ ચોકીયાત નથી.*
- મરીઝ

---

## એપ્રિલ મહિનામાં આવતા આરોગ્ય દિવસો

૨ એપ્રિલ, વિશ્વ ઓટીઝમ દિવસ, ૭ એપ્રિલ વિશ્વ આરોગ્ય દિવસ, ૨૦ એપ્રિલ, પાર્કિંસન્સ દિવસ, ૨૪ એપ્રિલ, વિશ્વ હેમોફિલીયા દિવસ, ૨૪-૩૦ એપ્રિલ, (અઠવાડિયું) વિશ્વ ઈમ્યુનિઝેશન દિવસ, ૨૫ એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ

બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ, માહિતી અને સંદર્ભ કેન્દ્ર, સદ્‌વિચાર પરિવાર આરોગ્ય વિષયક જુદા જુદા દિવસોની ઉજવણી નિમિત્તે નિષ્ણાત તબીબો દ્વારા લોકભોગ્ય ભાષામાં લેખો તથા જુદી જુદી પ્રાપ્ત માહિતી માટે શ્રી જપન દવે મો.નં. ૯૮૭૯૯૫૭૭૧૫ પર સંપર્ક કરવો.

## આપણે વિચારીશું ખરા ?

વિનોદ શાહ

"મને મરવા દો, મને શા માટે બચાવ્યો ?"

કાંકરિયામાં આપઘાત કરવા ગયેલા એક પાંત્રીસ વર્ષના યુવાને, તેને બચાવનાર એક સદગૃહસ્થને ઉપરોક્ત પ્રશ્ન પૂછ્યો. પેલા સદગૃસ્થે યુવાનને પૂછ્યું "ભગવાને આપેલા આ અમૂલ્ય માનવદેહને આમ ટૂંકાવી દેવાનું કારણ? યુવાને નિરાશ વદને જણાવ્યું, "હું જિંદગીથી કંટાળી ગયો છું. નાસીપાસ થઈ ગયો છું. મારા પિતાજીએ વીસ વર્ષની ઉંમરે લગ્ન કરાવી દીધાં. આજે બાર વર્ષનો એક પુત્ર અને દસ વર્ષની એક પુત્રી છે. સંસ્કારી પત્ની છે, પરંતુ બેકાર હોવાના કારણે તેઓને શું ખવડાવવું ? પત્ની અન્ય લોકોને ત્યાં ઘરકામ કરે છે. તેમાંથી માંડ માંડ પેટિયું નીકળે છે. બન્ને બાળકો ભણવામાં તેજસ્વી છે. હાલ શિક્ષણ પાછળ બહુ મોટો ખર્ચ કરવો પડે છે. તે હું ક્યાંથી લાવું ? તેથી બહેતર છે કે આયખું ટૂંકાવી દેવું."

પેલા સદગૃહસ્થ સજ્જન વ્યક્તિ હતા. તેમણે આ યુવાનને જણાવ્યું. "ભાઈ આ રીતે જીવન ટૂંકાવી દેવાથી તારા જે પ્રશ્નો છે તે હલ થઈ જશે ? " યુવાને નકારમાં જવાબ આપ્યો. પેલા સદગૃહસ્થે આ યુવાનને હિંમત આપતાં જણાવ્યું કે જિંદગી એક સંઘર્ષ છે. તેનો બહાદૂરીપૂર્વક સામનો કરવો જોઈએ. હિંમત હારી જઈ આપઘાત કરવાથી પાછળ રહેનાર પત્ની, બાળકો નિરાધાર બની જાય છે અને દુઃખમાં ધકેલાઈ જાય છે. જે કોઈ સમસ્યા હોય તેનો શાંતચિત્તે વિચાર કરી હિંમતપૂર્વક સામનો કરી ઉકેલવી જોઈએ. સંતાનોના શિક્ષણનો પ્રશ્ન હોય તો હવે તો ઘણી બધી સંસ્થાઓ આ માટે સહાય કરે છે. શિષ્યવૃત્તિ મળે છે. વળી-જીવન નિર્વાહ માટે પ્રભુએ આપણને બે હાથ, બે પગ, કાન, નાક, આંખો બુદ્ધિ વિગેરે અમૂલ્ય ચીજો ભેટમાં આપી છે. તેનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીએ તો જીવન નિર્વાહ મળી રહે છે. નાસીપાસ થઈ મેદાન છોડી દેવાથી પલાયનવાદ આવે છે. એવા કેટલાક પુરુષો જીવનમાં સંગ્રામ કરીને આગળ આવ્યા છે. તેઓના જીવનમાંથી પ્રેરણા લઈ જીવનને જીવી જાણવાનું છે. જીવન માણવા જેવું છે. ધીરજપૂર્વક મહેનત અને ખંતથી કામ કરીશું તો જીવનવિકાસ નક્કી છે. બોલો તમારી શું ઈચ્છા છે ? પત્ની અને બાળકોને નિરાધાર હાલતમાં છોડી તેઓને દુઃખી કરવા છે કે તેમની સાથે રહી જીવન સંઘર્ષ સામે લડી જીવન વિકાસ કરવો છે ?

આ યુવાનની આંખ ખુલી જાય છે. પેટ ભરીને પસ્તાવો થાય છે. તેને બચાવનાર સદગૃહસ્થને પગે પડે છે અને કહે છે કે હું હિંમતપૂર્વક મુશ્કેલીઓનો સામનો કરીશ અને જીવન જીવી જાણીશ.

મારા કુટુંબને હૂંફ પૂરી પાડીશ અને વિકાસના પંથે લઈ જઈશ.

આજે જીવનમાં જરા જેટલો સંઘર્ષ આવવાથી યુવાન લથડી પડે છે, હિંમત હારી જાય છે, નાસીપાસ થાય છે અને આપઘાત જેવું અવિવેકી પગલું ભરી બેસે છે. તેઓને વૈચારિક ભાથું આપવાની ખાસ જરૂર છે. આજે સમાજમાં જો કોઈ કામ કરવા જેવું હોય તો તે આપણે યુવાનોને જીવન જીવવા માટેનાં મૂલ્યોની માવજત કરતાં શીખવવું પડશે. તેઓ આ મૂલ્યોને જીવનમાં આત્મસાત કરે તે માટે તેઓની પાસે બેસવું પડશે. આ ક્યારે શક્ય બને ? યુવા ચિંતન શિબિરો દ્વારા તેઓને નક્કર વૈચારિક ભાથું આપવામાં આવે તો તે જરૂર શક્ય બને. આ માટે એક પ્રસંગ યાદ આવે છે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

વડોદરા ખાતેની યુવા ચિંતન શિબિર પૂરી થયા પછી મારી પાસે એક યુવાન આવ્યો. મને લાગ્યું કે તેને કંઈક કહેવું છે. મેં તેને ખભે હાથ મૂકીને પૂછ્યું " કેમ ચિંતન શિબિરમાં મજા આવીને ?" તેણે કહ્યું, "વડીલ, હું તમને મારો પ્રતિભાવ આપવા જ આવ્યો છું. અત્યાર સુધી હું મારા મમ્મી-પપ્પાને બહુ જ હેરાન કરતો હતો. મનસ્વી વર્તન કરતો હતો. પરંતુ તમે સંતાનોની મા-બાપ પ્રત્યેની ફરજો વિશે જે હૃદયસ્પર્શી વાત કરી તેની મારા મન પર ભારે અસર થઈ છે અને હું હમણા જ નક્કી કરીને જાઉં છું કે હવે પછી મારાં મમ્મી-પપ્પાને બિલકુલ હેરાન નહીં કરું. તેઓનો આદર કરીશ, તેઓના સુખનો હંમેશા વિચાર કરીશ. આ છે યુવા ચિંતન શિબિરનું ચમત્કારિક પરિણામ....

આ દિશામાં આપણે વિચારીશું ખરા ?

✻ ✻ ✻

૧૧, સેન્ડલવુડઝ, નર્મદા ગેસ્ટહાઉસની
બાજુમાં, રેસકોર્સ, વડોદરા.

## સાચી પૂજા

- મહેશ દવે

ક્ષત્રિયોમાં શિવપૂજનનો ભારે મહિમા હોય છે. અર્જુન રોજ પ્રભાતે ધામધૂમથી શિવપૂજા કરતો. એણે ભવ્ય પૂજાખંડ બનાવડાવ્યો હતો. ઉત્તમ શિલ્પીઓએ કંડારેલી મોટી શિવમૂર્તિની ખંડમાં સ્થાપના કરી હતી. પૂજાનાં એનાં વાસણો અને સાધનો સોના અને ચાંદીનાં હતાં. પૂજા માટે ગંગાજળ લાવવામાં આવતું. છાબડી ભરીને ફૂલ ચડાવાતાં. અર્જુનની પૂજા બેત્રણ કલાક ચાલતી. અર્જુનની પૂજાનાં વખાણ થતાં અર્જુન એ પ્રશંસાથી પોરસાતો.

બીજે પક્ષે અર્જુનનો જ ભાઈ ભીમ પૂજા જેવું કંઈ કરતો નહીં. માત્ર જમવાના સમયે ભોજન પહેલાં મનમાં શિવસ્રોત્ર બોલતો અને પછી જ ભોજન આરોગતો. પૂજા ન કરનારા ભીમને અર્જુન તુચ્છ ગણતો અને તેની ટીકા કરતો.

એકવાર અર્જુન સખા કૃષ્ણ સાથે વિહાર કરતો હતો. અચાનક કૃષ્ણે કહ્યું, 'ચાલ અર્જુન, આજે તને શિવલોકમાં શિવદર્શને લઈ જાઉં.' અર્જુન તો રાજી રાજી થઈ ગયો. બન્નેએ શિવલોક ભણી પ્રયાણ કર્યું. રસ્તામાં એક સ્થળે અર્જુને જોયું તો ગાડું ભરીને એક અનુચર ફૂલો લઈ જતો હતો. અર્જુને તેને રોકી પૂછવા ધાર્યું, ' ક્યાંથી આ ફૂલો લાવે છે અને ક્યાં લઈ જાય છે ?' પણ અનુચર ઉતાવળમાં હતો. તે ઉભો જ ન રહ્યો. ત્યાં તો એક પછી એક કેટલાય અનુચરો ગાડાં ભરી ભરી ફૂલો લઈ જતા દેખાયા. અંતે એકને તો અર્જુને ઊભો જ રાખ્યો અને પૂછી જ લીધું. તે અનુચરે કહ્યું, ' આ બધાં ફૂલો ભીમે શિવને ચડાવ્યાં હતાં. તે બધાં નદીમાં પધરાવી, તેમનું મંદિર કાલ પહેલાં સાફ કરી નાખવાનું છે જેથી તેઓ આવતી કાલે બીજા ફૂલ ચડાવી શકે. તેથી અમે ઉતાવળમાં છીએ.' અનુચરે કહ્યું,

'તમારી ભૂલ થતી લાગે છે. આ ભીમનાં ચડાવેલાં નહીં પણ અર્જુને ચડાવેલાં ફૂલો હશે.' અર્જુને કહ્યું. અનુચરે જવાબ આપ્યો, 'અમારી કોઈ ભૂલ થતી નથી, આ ભીમે ચડાવેલાં ફૂલો જ છે ? ત્યાં જ છાબડી લઈ એક અનુચર નીકળ્યો. અર્જુને તેને પૂછ્યું, 'આ કોનાં ચડાવેલાં ફૂલો છે ? અનુચરે જવાબ આપ્યો. 'અર્જુનના' અર્જુનને આશ્ચર્ય થયું. સાથે ચાલતા ભગવાન કૃષ્ણ તરફ તેણે જોયું. કૃષ્ણ મર્મમાં હસતા હતા. અર્જુન સમજી ગયો.

ભગવાન કૃષ્ણે કહ્યું, ' અર્જુન, પૂજા માટે મોટું મંદિર કે ધામધૂમની જરૂર નથી. મનોમંદિર ઘણું વિશાળ છે. તેમાં મનોમન પૂજા કરીએ, સ્રોત્ર બોલીએ તો સ્તોત્રનો પ્રત્યેક અક્ષર ફૂલ ચડાવ્યા બરાબર છે.'

અર્જુને કહ્યું, ' ભગવન, આટલી શીખ માટે મને અહીં લાવવાની જરૂર નહોતી. તમે ઘરે જ કહ્યું હોત તો હું સૂમજી જાત કે પૂજાનો દેખાવ કે દંભ ખોટો છે. નિષ્ઠાપૂર્વકની મનોમન પૂજા જ સાચી પૂજા છે.

(સૌજન્ય : 'સેવા' સપ્ટેમ્બર-૨૦૨૩)

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

## ઋણસ્વીકાર

### તા.૦૧-૦૨-૨૦૨૪થી ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં સદ્‌વિચાર પરિવાર મુખ્ય કાર્યાલયને મળેલાં દાનની વિગત

| નામ | દાનની રકમ | હેતુ* |
|---|---|---|
| શિવાંગ આર. હાથી, અમદાવાદ | ૧૦૦૦ | ૩ |
| અક્ષર જોશી, અમદાવાદ | ૧૦૦૦ | ૨૩ |
| ઉમેશ શાહ, બરોડા | ૩૦૦૦ | ૨૨ |
| શ્રી ગોપીનાથજી મોટર્સ, અમદાવાદ | ૨૪૦૦ | ૧ |
| સમીર કે. ઠાકર, અમદાવાદ | ૩૦૦૦૦ | ૨૨ |
| રૂપલ શાહ, અમદાવાદ | ૬૦૦૦ | ૧,૮ |
| કમલેશ રમણભાઈ શાહ, અમદાવાદ | ૫૧૦૦૦ | ૨૨ |
| અમીન નીરદ, અમદાવાદ | ૮૦૦૦ | ૨ |
| નલીન માણેકલાલ પટેલ, | ૨૫૦૦૦ | ૩ |
| ભરતભાઈ ડી. ત્રિવેદી, અમદાવાદ | ૫૧૦૦૦ | ૯ |
| રામભરોસે | ૧૧૦૦૦ | ૨૨ |
| સંજય કાંતિલાલ શાહ, મુંબઈ | ૫૧૦૦૦ | ૧૩ |
| મંજુલાબેન એમ. દવે, અમદાવાદ | ૧૫૧૩ | ૨ |
| અસ્મિતા હેમલ જાની, અમદાવાદ | ૧૧૧૧ | ૯ |
| મેહુલ જે. ભટ્ટ, અમદાવાદ | ૧૦૦૦ | ૯ |
| લોકેશ પંડ્યા, નડિયાદ | ૫૦૦૦ | ૨૮ |
| મુકેશ બાબુલાલ શેઠ, મુંબઈ (સ્વ.હંસા-મુકેશ શેઠની પૂણ્યતિથિ નિમિત્તે) | ૧૧૦૦૦ | ૮ |
| દર્શન આર. પંડ્યા, અમદાવાદ | ૧૦૦૦ | ૨ |
| રાજશ્રી વત્સલ ફાઉન્ડેશન, અમદાવાદ | ૫૦૦૦૦ | ૨૨ |
| ઈલાબેન કે. પટેલ, અમદાવાદ | ૫૦૦૦ | ૧ |
| ભરત બી. જાની, અમદાવાદ | ૫૦૦૦ | ૯ |
| નયના એસ. મહેતા, અમદાવાદ | ૫૦૦૦૦ | ૯ |
| સાગર દવે, અમદાવાદ | ૫૦૦૦ | ૯ |
| નિર્મલ એન. ચુડગર, અમદાવાદ | ૧૦૫૧ | ૨ |
| ધવલ બી. શાહ, અમદાવાદ | ૧૫૦૦ | ૨૩ |
| અશ્વિનભાઈ યુ. પરીખ, અમદાવાદ | ૨૦૦૦ | ૧ |
| વિક્રમ નામચંદ સહાણી, અમદાવાદ | ૧૧૦૦૦ | ૪ |
| જશવંતલાલ આર. પરીખ, અમદાવાદ | ૨૫૦૦૦ | ૧,૯, (૩,૧૨,૨૨) |
| મનુભાઈ એન. સથવારા, અમદાવાદ | ૨૫૦૦ | ૧,૨ |
| ભાનુમતીબેન નાગર, અમદાવાદ | ૫૧૦૦૦ | ૫ |
| રમેશચંદ્ર બી. શાહ, અમદાવાદ | ૩૦૦૦ | ૨ |
| જશવંતલાલ શાહ, મુંબઈ | ૩૦૦૦ | ૯ |
| તેજસ ચિંચીયા, રાજકોટ | ૫૦૦૦ | ૯ |

<u>હેતુ*:</u>

૧. સંત પુનિત ખીચડી પ્રસાદ સેવાકાર્ય
૨. સદ્‌વિચાર પરિવાર સેવાકાર્ય પ્રવૃત્તિ
૩. આરોગ્ય સેવાકાર્ય
૪. સિનિયર સિટીઝન હૅલ્થકેર (મેડિસિન) સેવાકાર્ય
૫. દર્દી-સેવાનાં સાધનો સેવાકાર્ય
૬. બીના શ્રેયસ પંડ્યા
૭. એચ.પી.એસ.પી. આંખની હૉસ્પિટલ, નરોડા
૮. સદ્‌ભાવ સેવા કેન્દ્ર વી.એસ. હૉસ્પિટલ શીરો, સુખડી પ્રસાદ અને ટિફિન-સેવા, અમદાવાદ.
૯. અન્નદાન-મહાદાન
૧૦. 'સુવિચાર' માસિક પ્રચાર-પ્રસાર સેવાકાર્ય
૧૧. જેસીંગભાઈ ભોગીલાલ ચીનાઈ વડીલ માવજત કેન્દ્ર
૧૨. સદ્‌વિચાર પરિવાર : વડીલ માવજત કેન્દ્ર
૧૩. સી. આર. શાહ કમ્પ્યૂટર સેન્ટર
૧૪. ઍજ્યુકેશનલ ફંડ • ૧૫. ટ્રસ્ટ ફંડ
૧૬. વડીલ માવજત હૉસ્પિટલ, નરોડા
૧૭. સદ્‌વિચાર પરિવાર સમર્પણ વિદ્યાપીઠ સેવાકાર્ય
૧૮. સદ્‌વિચાર પરિવાર કોવિડ-૧૯ રિલીફ ફંડ
૧૯. સદ્‌વિચાર પરિવાર ધાબળા દાન સેવાકાર્ય
૨૦. સદ્‌વિચાર સેવા-સદન સેવાકાર્ય

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

૨૧. સદ્‌વિચાર પરિવાર તપોવન ગર્ભસંસ્કાર
૨૨. સદ્‌વિચાર પરિવાર : વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉંવારસદ
૨૩. સદ્‌વિચાર પરિવાર : અસ્થિ-વિસર્જન સેવાકાર્ય
૨૪. સદ્‌વિચાર પરિવાર : મહિલા ઉત્કર્ષકેન્દ્ર
૨૫. આંજનેય વુમેન ઍન્ડ ચાઈલ્ડ કેર સેન્ટર
૨૬. વૈદ્યકીય સેવાકાર્ય • ૨૭. પાણી-પરબ સેવાકાર્ય
૨૮. મોક્ષવાહિની સેવાકાર્ય • ૨૯. મનનો જમણવાર

## તા.૦૧-૦૨-૨૦૨૪થી ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં સદ્‌વિચાર પરિવાર મુખ્ય કાર્યાલયને એક લાખ કરતાં વધારે રકમનાં મળેલાં દાનની વિગત

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ૦૯-૦૨-૨૦૨૪ | ઉષાબેન શિલીન શુકલ, અમદાવાદ | ૩,૦૦,૦૦૦ | ટ્રસ્ટ ફંડ (કોરપસ ફંડ) |
| ૨. | ૨૩-૦૨-૨૦૨૪ | રંજના હરીશ દ્વિવેદી, અમદાવાદ (સ્વ. ભાનુમતીબેન અંબાશંકર નાગરની સ્મૃતિમાં) | ૧,૫૧,૦૦૦ | સદ્‌વિચાર પરિવાર સેવા સદન |
| ૩. | ૨૭-૦૨-૨૦૨૪ | તરુબેન ધનજંય દેસાઈ, અમદાવાદ | ૨,૫૦,૦૦૦ | સદ્‌વિચાર પરિવાર સેવા સદન |
| ૪. | ૨૮-૦૨-૨૦૨૪ | અમોલ પી. ભગવતી,અમદાવાદ | ૧,૦૦,૦૦૦ | અન્નદાન મહાદાન અને આરોગ્ય સેવા સહકાર |

## તા.૦૧-૦૨-૨૦૨૪ થી ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં સદ્‌વિચાર પરિવાર : મણિનગર શાખાને પ્રાપ્ત દાનની વિગત

| ક્રમ. | તારીખ | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૦૧-૦૨-૨૦૨૪ | રેવતીબેન એસ. મરાઠે, અમદાવાદ | ૧,૦૦૦ | ટિફીન સેવા |
| ૨. | ૦૨-૦૨-૨૦૨૪ | દીપ માણેકલાલ પટેલ, અમદાવાદ | ૧,૧૧૧ | ગરીબ સેવા રાહત |
| ૩. | ૦૩-૦૨-૨૦૨૪ | રાજેશભાઈ શાહ, એસબીઆઈ, અમદાવાદ | ૧૩,૦૦૦ | ખીચડી સેવા |
| ૪. | ૦૩-૦૨-૨૦૨૪ | દિલીપભાઈ એમ. ઠક્કર, અમદાવાદ | ૧૦,૦૦૦ | ખીચડી સેવા |
| ૫. | ૦૩-૦૨-૨૦૨૪ | ભરતભાઈ મોદી, અમદાવાદ | ૨૫,૦૦૦ | ગરીબ સેવા રાહત |
| ૬. | ૦૩-૦૨-૨૦૨૪ | અન્ના જે. ભંડારી, અમદાવાદ | ૫,૦૦૦ | અન્ન સેવા |
| ૭. | ૦૫-૦૨-૨૦૨૪ | સમીર કે. એસ., અમદાવાદ | ૧,૫૦૦ | ટિફીન સેવા |
| ૮. | ૦૬-૦૨-૨૦૨૪ | નયનાબેન બી. શાહ, અમદાવાદ | ૨,૫૦૦ | ખીચડી સેવા |
| ૯. | ૦૮-૦૨-૨૦૨૪ | લતાબેન રમેશભાઈ બી.શાહ,અમદાવાદ | ૧,૧૦૦ | ટિફીન સેવા |
| ૧૦. | ૦૯-૦૨-૨૦૨૪ | જયેશભાઈ સોની, અમદાવાદ | ૧,૧૦૦ | ટિફીન સેવા |
| ૧૧. | ૦૯-૦૨-૨૦૨૪ | પ્રમોદચંદ્ર કારખાની, અમદાવાદ | ૩,૦૦૦ | ખીચડી સેવા |
| ૧૨. | ૦૯-૦૨-૨૦૨૪ | નિરંજન એમ. મોદી, અમદાવાદ | ૫,૦૦૦ | ટિફીન સેવા/ખીચડી સેવા |
| ૧૩. | ૧૨-૦૨-૨૦૨૪ | પ્રવીણ પટેલ, અમદાવાદ | ૧,૦૦૧ | ખીચડી સેવા |
| ૧૪. | ૧૨-૦૨-૨૦૨૪ | પંકજભાઈ આર, શાહ, અમદાવાદ | ૨,૫૦૦ | ખીચડી સેવા |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | ૧૨-૦૨-૨૦૨૪ | અશોકભાઈ પૂજારા, અમદાવાદ | ૩,૦૦૦ | દર્દી સેવા |
| ૧૬. | ૧૩-૦૨-૨૦૨૪ | નીતિનભાઈ શાહ, અમદાવાદ | ૫,૦૦૦ | ગરીબ સેવા રાહત |
| ૧૭. | ૧૪-૦૨-૨૦૨૪ | જીગરભાઈ રબારી, અમદાવાદ | ૨,૫૦૦ | ખીચડી સેવા |
| ૧૮. | ૧૪-૦૨-૨૦૨૪ | પ્રભાવતી ભારખડા, અમદાવાદ | ૧૦૦૦ | ખીચડી સેવા |
| ૧૯. | ૧૪-૦૨-૨૦૨૪ | અરવિંદભાઈ જે. શાહ, અમદાવાદ | ૨૫૦૦ | ખીચડી સેવા |
| ૨૦. | ૧૯-૦૨-૨૦૨૪ | હસમુખલાલ કે.મોદી, અમદાવાદ | ૧૦૦૦ | ખીચડી સેવા |
| ૨૧. | ૧૯-૦૨-૨૦૨૪ | ભરતભાઈ વ્યાસ, અમદાવાદ | ૧૧૦૦ | ટિફીન સેવા |
| ૨૨. | ૧૯-૦૨-૨૦૨૪ | દર્શનભાઈ ડી. મોદી, અમદાવાદ | ૨૦૦૦ | ઍજ્યુકેશન સહાય |
| ૨૩. | ૨૨-૦૨-૨૦૨૪ | કુસુમબેન એમ. છાંટબાર, અમદાવાદ | ૧૦૦૦ | ગરીબ સેવા રાહત |
| ૨૪. | ૨૪-૦૨-૨૦૨૪ | જ્યોતિબેન અશોકભાઈ પી. શાહ, અમદાવાદ | ૫૦૦૦ | ખીચડી સેવા |
| ૨૫. | ૨૭-૦૨-૨૦૨૪ | ગિરીશઈભાઈ પટેલ, અમદાવાદ | ૭,૨૦૦ | ખીચડી/ટિફીન સેવા |
| ૨૬. | ૨૯-૦૨-૨૦૨૪ | કૌશલ જે. શાહ, અમદાવાદ | ૧,૫૦૧ | ગરીબ સેવા રાહત |

**તા.૦૧-૦૨-૨૦૨૪ થી ૨૯-૦૨-૨૦૨૪ સુધીમાં**

**સદ્‌વિચાર પરિવાર : વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર - ઉવારસદને પ્રાપ્ત દાનની વિગત**

| ક્રમ. | તારીખ | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ નર્મદાબેન માધાભાઈ, યુ.એસ.એ. | ૧૦,૦૦૦ | સેવા-સહયોગ<br>ગૌશાળા-સહયોગ |
| ૨. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ મંજુલાબેન દશરથભાઈ, યુ.એસ.એ. | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ<br>ગૌશાળા-સહયોગ |
| ૩. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ સંકેત ગોવિંદભાઈ, યુ.એસ.એ. | ૭,૫૦૦ | ગૌશાળા-સહયોગ |
| ૪. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ દુર્ગાબેન બળદેવભાઈ, યુ.એસ.એ. | ૮,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ નીતાબેન રાજકુમાર, યુ.એસ.એ. | ૭,૦૦૦ | સેવા-સહયોગ |
| ૬. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ સરોજબેન મલયકુમાર, યુ.એસ.એ. | ૭,૦૦૦ | સેવા-સહયોગ |
| ૭. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ કાનજીભાઈ ગોકળદાસ, યુ.એસ.એ. | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૮. | ૦૧-૦૨-૨૦૨૪ | પટેલ સંજયભાઈ કાનજીભાઈ, યુ.એસ.એ. | ૨૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૯. | ૦૨-૦૨-૨૦૨૪ | ઠાકોર અજમલજી આતાજી, ઉંવારસદ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૦. | ૦૨-૦૨-૨૦૨૪ | પટેલ અનિલકુમાર નટવરભાઈ, અંબાપુર | ૧૩,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૧. | ૦૩-૦૨-૨૦૨૪ | પટેલ મૌલિક ગુણવંતભાઈ, ટિંટોડા | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૨. | ૦૪-૦૨-૨૦૨૪ | ઝુમખાવાલા સુરેશભાઈ, અમદાવાદ | ૧,૦૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૩. | ૦૪-૦૨-૨૦૨૪ | પટેલ જયેશકુમાર બાબુભાઈ, નંદાસણ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૪. | ૦૪-૦૨-૨૦૨૪ | શાહ નરેશભાઈ મનમોહનદાસ, અમદાવાદ | ૧૦૦૦ | સેવા-સહયોગ |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | |
|---|---|---|---|
| ૧૫. ૦૪-૦૨-૨૦૨૪ | રેખાબહેન કોઠારી, અમદાવાદ | ૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૬. ૦૪-૦૨-૨૦૨૪ | સૌમિલ પારેખ, અમદાવાદ | ૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૭. ૦૪-૦૨-૨૦૨૪ | પટેલ હસમુખભાઈ જયશ્રીબેન, અમદાવાદ | ૨,૫૦૦ | સેવા-સહયોગ |
| ૧૮. ૦૪-૦૨-૨૦૨૪ | દિનકર મહેતા, અમદાવાદ | ૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૧૯. ૦૪-૦૨-૨૦૨૪ | શાહ વર્ષાબહેન શરદભાઈ, અમદાવાદ | ૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૦. ૦૪-૦૨-૨૦૨૪ | ધ પંચશીલ સોસાયટી, અમદાવાદ | ૨૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૧. ૦૪-૦૨-૨૦૨૪ | કવિ શકુંતલા ડી., અમદાવાદ | ૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૨. ૦૪-૦૨-૨૦૨૪ | દર્શિતા પારેખ, અમદાવાદ | ૧૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૩. ૦૪-૦૨-૨૦૨૪ | શાહ હર્ષદભાઈ એ., અમદાવાદ | ૫,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૪. ૦૪-૦૨-૨૦૨૪ | નેશનલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટકચર, વડોદરા | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૫. ૦૪-૦૨-૨૦૨૪ | ઋષિકેશ મધુસૂદન શાહ, અમદાવાદ | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૬. ૦૪-૦૨-૨૦૨૪ | રોટરી કલબ ઓફ અમદાવાદ | ૪,૫૦૦ | સેવા-સહયોગ |
| ૨૭. ૦૪-૦૨-૨૦૨૪ | શાહ કેતકી સતીશભાઈ, અમદાવાદ | ૫,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૮. ૦૪-૦૨-૨૦૨૪ | પટેલ મુકેશભાઈ રાવજીભાઈ, અમદાવાદ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૨૯. ૦૫-૦૨-૨૦૨૪ | પટેલ હસુમતીબેન પ્રફુલ્લભાઈ, જમિયતપુરા | ૪,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૦. ૦૬-૦૨-૨૦૨૪ | પટેલ પ્રિયંકાબેન, ગાંધીનગર | ૫,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૧. ૦૭-૦૨-૨૦૨૪ | ત્રિવેદી મયુરકુમાર મહેન્દ્રકુમાર, ઝીડવા | ૧,૫૦૦ | સેવા-સહયોગ |
| ૩૨. ૦૮-૦૨-૨૦૨૪ | પટેલ ગીતાબેન રમેશભાઈ, સઈજ | ૧૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૩. ૦૯-૦૨-૨૦૨૪ | ગોસ્વામી વસંતનાથ ચીમનનાથ, કલોલ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૪. ૧૧-૦૨-૨૦૨૪ | સ્વ. મંગલલાલ નાયક, વાવોલ | ૩,૧૦૦ | સેવા-સહયોગ |
| ૩૫. ૧૧-૦૨-૨૦૨૪ | વાઘેલા સમર્થસિંહ, ગાંધીનગર | ૧,૫૦૦ | સેવા-સહયોગ |
| ૩૬. ૧૧-૦૨-૨૦૨૪ | પટેલ જિતેન્દ્રભાઈ દિનેશભાઈ, કોલવડા | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૭. ૧૧-૦૨-૨૦૨૪ | પટેલ મનહરભાઈ જે.,વડુ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૮. ૧૩-૦૨-૨૦૨૪ | શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજ | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૩૯. ૧૪-૦૨-૨૦૨૪ | નિખિલ અધેસીવ લી., મુંબઈ | ૫૦,૦૦૦ | શિક્ષણ સહયોગ |
| ૪૦. ૧૪-૦૨-૨૦૨૪ | પટેલ પંકજકુમાર મફતભાઈ, કુડાસણ | ૧૩,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૧. ૧૪-૦૨-૨૦૨૪ | પ્રજાપતિ મહેન્દ્રભાઈ રામભાઈ, યુ.એસ.એ. | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૨. ૧૬-૦૨-૨૦૨૪ | પટેલ અંકિત વિક્રમભાઈ, ઝુંડાલ | ૧૪,૧૦૦ | સેવા-સહયોગ |
| ૪૩. ૧૬-૦૨-૨૦૨૪ | પટેલ વિજયભાઈ કેશવલાલ, સોનેરીપુરા | ૩,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૪. ૧૭-૦૨-૨૦૨૪ | શાહ દિયા જગદીશભાઈ, અમદાવાદ | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૫. ૧૭-૦૨-૨૦૨૪ | ચૌધરી કુંવરબેન બાબુલાલ, કુડાસણ | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

| | | | | |
|---|---|---|---|---|
| ૪૬. | ૧૭-૦૨-૨૦૨૪ | મહાદેવ કન્સ્ટ્રકશન, જગદીશભાઈ જાદવ, અમદાવાદ | ૧૫,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૭. | ૧૯-૦૨-૨૦૨૪ | બલ દિલીપકૌર હરબિંદરસિંહ, ગાંધીનગર | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૮. | ૧૯-૦૨-૨૦૨૪ | સાધુ તેજસભાઈ મનુપ્રસાદ, સરગાસણ | ૭,૦૦૦ | સેવા-સહયોગ |
| ૪૯. | ૨૨-૦૨-૨૦૨૪ | પટેલ વિક્રમભાઈ રમણભાઈ, પોર | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૦. | ૨૨-૦૨-૨૦૨૪ | પટેલ ગૌરાંગભાઈ નટવરભાઈ, ઝુંડાલ | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૧. | ૨૩-૦૨-૨૦૨૪ | પટેલ વિમળાબેન, અમદાવાદ | ૧૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૨. | ૨૬-૦૨-૨૦૨૪ | પટેલ ભીખાભાઈ ગીરધરભાઈ, નારદીપુર | ૧૨,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૩. | ૨૬-૦૨-૨૦૨૪ | પટેલ નીધિબેન દેવેનભાઈ, અમદાવાદ | ૨૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૪. | ૨૬-૦૨-૨૦૨૪ | મહેતા જવાહરભાઈ (જમાલભાઈ), પાલડી | ૧૧,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૫. | ૨૮-૦૨-૨૦૨૪ | વેંકટેશન રાજુલુ, અમદાવાદ | ૮,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૬. | ૨૮-૦૨-૨૦૨૪ | ધી સ્ટેટ ઓફ લેટ ઉર્મિલા ગુલાબચંદ સન, અમદાવાદ | ૨,૫૦,૦૦૦ | સેવા-સહયોગ |
| ૫૭. | ૨૮-૦૨-૨૦૨ | કે. જી. પટેલ, ગાંધીનગર | ૧૦,૦૦૦ | સેવા-સહયોગ |

### ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને ચિંતા વગર સુખેથી જીવીએ

ભગવાન શ્રી રામજીના વિવાહ અને રાજ્યાભિષેક બન્ને શુભ મુહર્ત જોઈને જ નક્કી થયેલાં તો પણ ના તો તેઓનું વૈવાહિક જીવન સફળ રહ્યું ના તો રાજ્યાભિષેક અને જ્યારે મુનિ વશિષ્ઠ પાસે જવાબ માંગવામાં આવ્યો તો તેમણે સાફ શબ્દોમાં કહી દીધું...

*सुनहु भरत भावी प्रबल,*
*बिलरवि कहेहूं मुनिनाथ,*
*लाभ-हानि जीवन-मरण,*
*यश-अपयश विधि हाथ*

'' અર્થાત, જે વિધીએ નિર્ધારિત કરેલું છે તે થઈને જ રહેશે...''

ના ભગવાન શ્રીરામજીનું જીવન બદલી શકાયું, ન ભગવાન શ્રી કૃષ્ણજીનું, ન ભગવાન શિવ-સતીના મૃત્યુને ટાળી શક્યા - જ્યારે મહામૃત્યુંજય મંત્ર એના વશમાં જ હતો.

ન ગુરૂ અર્જુનદેવ, ન ગુરૂ ગોવિંદસિંહ પોતાની સાથે થનાર વિધી ને ટાળી શક્યા.. જ્યારે સૌ સમર્થ હતા.

ન રામકૃષ્ણ પરમહંસ પોતાના કેન્સરને ટાળી શક્યા, ન તો રાવણ પોતાના જીવનને બદલી શક્યો. સમસ્ત શક્તિઓ હોવા છતાં વિધીના વિધાન ન ટાળી શક્યા...

મનુષ્ય પોતાના જન્મ સાથે જ જીવન, મરણ, યશ, અપયશ, લાભ, હાનિ, સ્વાસ્થ્ય, બિમારી, દેહ, રંગ, પરિવાર, સમાજ, દેશ અને બીજું ઘણું પહેલાં જ નિર્ધારિત કરીને જન્મે છે તેથી સરળ રહો સહજ રહો, મન કર્મ અને વચનથી સતકર્મમાં લિન રહો.

મુહુર્ત ના તો જન્મ લેવાનું છે, ન તો મરવાનું. બસ વિધીના વિધાન મુજબ કર્મ જ આપણા હાથમાં છે. શેષ બધું અર્થહીન છે...







ડો. શિલીન શુકલ સદ્‌વિચાર પરિવાર આરોગ્ય પ્રવચનશ્રેણી અંતર્ગત સદ્‌વિચાર પરિવાર અને એસોસીએશન ઓફ ફિઝીશીયન-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા.૧૦ માર્ચ, ૨૦૨૪ના રોજ સળંગ પંચાસીમું વ્યાખ્યાન 'મેડીકલ ઈમરજન્સી દરમિયાન શું કરવું ?' એ વિષય પર પ્રવચન આપવા માટે ડો. કેતન પટેલ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે એસોસીએશન ઓફ ફિઝીશીયનના પૂર્વ પ્રમુખ ડો. ભરત શાહનું શાલ, ફોટો ફ્રેમ અને સન્માનપત્ર વડે સન્માન કરવામાં આવ્યું હતું. આજના વક્તા ડો. કેતનભાઈ પટેલનું પણ પુસ્તકો, ફોટો ફ્રેમ અને એક ડોક્ટરની પ્રાર્થના વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડો. પંકજભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી જિતુભાઈ પંચાલ, શ્રીમતી નીનાબેન શાહ, ઠાકરશી હોસ્પિટલના શ્રી નવનીતભાઈ ઠાકરશી, ડો. સરલાબેન શાહ અને ડો. ઋષિકેશ શાહ હાજર રહ્યા હતાં. આ લેકચરને સાંભળવા માટે મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.



સદ્‌વિચાર પરિવાર મહિલા ઉત્કર્ષ કેન્દ્ર દ્વારા તાજેતરમાં ''સદ્‌વિચાર પરિવાર મેરેજ બ્યૂરો'' શરૂ કરવામાં આવ્યું છે. આ મેરેજ બ્યૂરો દર શુક્રવારે બપોરે ૧-૩૦ થી ૪-૩૦ દરમિયાન કાર્યરત રહેશે. ઈચ્છુક વ્યક્તિઓએ કલ્પનાબેન શાહ (પરિણય બ્યૂરો) Mo.No. 9924101916 અને લતાબેન ભાટી Mo.No.9157630770 પર સંપર્ક કરીને વિશેષ માહિતી મેળવી શકશે.



સદ્‌વિચાર પરિવાર મણિનગર શાખા દ્વારા ૨૫ ફેબ્રુઆરીના રોજ મોટા પાયે ઓર્થોપેડિક તથા ફિઝીયોથેરાપી અને બીએમડી કેલ્શિયમની ઉણપ માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગેની વધુ વિગત પાના નં. ૧૬ પર વાંચી શકાશે.






સદ્‌વિચાર પરિવાર સંચાલિત વરિષ્ઠ ગૌરવ ગ્રુપ દ્વારા ગુજરાતી જાગરણ અને વિશ્વાસ ન્યૂઝના ઉપક્રમે સિનીયર સિટીઝનોને મોબાઈલમાં થતા ફ્રોડ અને સોશિયલ મિડીયામાં ફેલાતી અફવા અંગે માહિતગાર કરવા અને જાગૃત કરવા સેમિનારનું આયોજન સંસ્થાના મદન મોહન રમણલાલ હોલમાં કરવામાં આવ્યું હતું.

Published on 2nd Every Month
SUVICHAR APRIL-2024 RNI No. is 11067/1966
Registered Under Postal Registration No. GAMC 113/2024-2026 Valid up to
31 December-2026 issued by the SSPO's Ahmedabad City Division
Permitted on Post at Ahmedabad PSO, Patrika Channel on 2nd Every Month
License to Post Without Pre-Payment No.PMG/NG/017/2024-2026 Valid up to 31-12-2026

## ડૉ. શિલીન શુક્લ સદ્‌વિચાર પરિવાર
## આરોગ્ય વિષયક પ્રવચનશ્રેણી

વર્ષ-૮

સળંગ છ્યાંસીમું વ્યાખ્યાન

# ICU-એક વિશેષ દરવાજાની પેલે પાર

વક્તા : ડૉ. ચિંતન ઢેબર

રવિવાર, ૧૪ એપ્રિલ ૨૦૨૪, સવારે ૯:૩૦ કલાકે

સ્થળ : મદનમોહન રમણલાલ સભાગૃહ સદ્‌વિચાર પરિવાર
રામદેવનગર, બીઆરટીએસ બસ-સ્ટોપ સામે, જોધપુર ટેકરા, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

આગામી પ્રવચન

# નિવૃત્ત જીવનની મજા

વક્તા : ડૉ. રવિ સોની, એમ.ડી.ડી.એમ.
રવિવાર, તા.૧૨-૦૫-૨૦૨૪ સવારે ૯-૩૦ કલાકે

If Undelivered, Please Return to :
SADVICHAR PARIVAR
Ramdevnagar Satellite Road,
Ahmedabad-380015.

Printed and Published by **PRAVINBHAI K. LAHERI** on behalf of Owner **Sadvichar Parivar,**
Printed at **Gujarat Offset Private Ltd.** Station Road, Vatva, Ahmedabad - 382 440 and
Published from Sadvichar Parivar, Samarpan Vidhyapith, Near Ramdevnagar Bus Stand,
Jodhpur Tekra, Satellite Road, Ahmedabad-380015. GUJARAT.
Editor : **PRAVINBHAI K. LAHERI**